# સંત-સ્મરણાંજલિ

**: સંપાદક :**

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

ડૉ. ઈન્દુભાઈ દવે

*સંત-સ્મરણાંજલિ*

**સંપાદક :**
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
ડૉ. ઈન્દુભાઈ દવે

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ

**મૂલ્ય :** ૫૦/- રૂ.

**પ્રત :** ૧,૨૦૦

*મુદ્રક :*
*સુરેશ પુરોહિત*
સૂર્યા ઑફસેટ, સેટેલાઈટ-બોપલ રોડ, આંબલી-ગામ,
અમદાવાદ-૩૮૦ ૦૫૮ ફોન : (૦૨૭૧૭) ૨૩૦૧૧૨

# સંપાદકનું નિવેદન

*પૂ. નરહરિકાકાના દિવંગત થયાના સમાચાર જાણીને હૃદયને એક આંચકો લાગ્યો. એ સમય દરમ્યાન હું પુના હતો. મારો અને મારા ધર્મપત્નીનો એમના પ્રત્યેનો ભાવ ઘણો ઊંચો. પૂ. શ્રીની પરંપરાને અકબંધ જાળવી રાખે એવી દિવ્ય વ્યક્તિ એક જ લાગે. એ સમયે હું - પૂ. પ્રેમ અવધૂતજીના સંપર્કમાં નો'તો આવ્યો. એમના સંપર્ક પછી પણ પૂ. નરહરિકાકાનું ઓજસ સભર વ્યક્તિત્વનું આકર્ષણ તો એવું જ રહેલું.*

*શ્રી સંત-સ્મરણાંજલિ દ્વારા એમને શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ છે અને અમારા દિલને સંતોષ આપવાની ચેષ્ટા છે. સ્નેહી શ્રી ઈન્દુભાઈને પુનાથી વાત કરી તો એમણે કહ્યું કે હું સાથે છું.*

*શ્રી ગુરુલીલામૃતમાંથી **'સંત'** શબ્દ આવતો હોય એવા દોહરા શોધ્યા. પરિવારના મહાનુભાવોને પત્ર લખી આમંત્રણ આપ્યા. સ્મૃતિપત્ર-યાદપત્ર પણ લખ્યા. જેના લેખ આવ્યા તેના લેખ આ પુસ્તિકામાં સમાવી શકાયા છે.*

બધા લેખ તો આવી ગયા હતા પરંતુ પૂ. પ્રેમ અવધૂતજીએ સૂચન કર્યું એટલે થોડું ખોરંભાયું. કોઈકે એમને સૂચવ્યું કે આટલું જલદી પ્રકાશન યોગ્ય નહિ ગણાય. એ વખતે મને દુઃખ પણ થયું હશે, પરંતુ પ.પૂ. ભગવાન રંગાવધૂતજીએ ધાર્યું હોય તેમજ થાય છે. મુ. જયંતીભાઈ અને મુ. ઈશ્વરભાઈના નામની આગળ સ્વર્ગસ્થ લખવાની ફરજ પડી જે નિભાવતાં દુઃખ અનુભવ્યું.

શ્રીગુરુલીલામૃત હાથે લખનાર સૌ પ્રથમ વ્યક્તિ પૂ. નરહરિકાકા હતા એટલે શ્રીગુરુલીલામૃતના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રકાશિત થતી આ પુસ્તિકા પ.પૂ. શ્રી ગુરુમહારાજના આશીર્વાદયુક્ત છે એની સાબિતિ છે.

અમારી ઈચ્છાને માન આપીને પૂ. નરહરિકાકા વિશે લેખ લખી મોકલનારા સૌના અમે ઋણી છીએ.

**૨૫-૧૨-૨૦૦૬** **પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય**

**ડૉ. ઈન્દુભાઈ મં. દવે**

# શ્રીગુરુલીલામૃતમાં 'સંત'

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

કૃપા કરી મુજ રંક પર, આપો જ્ઞાનનું દાન;
સદા **સંત**નો દાસ હું, કાંઈ ન મુજને ભાન. (૧/૨)

ઋષિ મુનીશ્વર **સંત**ને વંદી કવિવર એમ;
માતપિતા ચરણે નમું, જેથી થાયે ક્ષેમ. (૧/૨)

બાલવાક્યવત્ ગાણું આ, તેમ સ્વીકારો **સંત**,
મત્સર મૂકી વેગળો; થાશે તુષ્ટ અનંત. (૧/૯૦)

બ્રહ્મ રસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ સાદ્યંત,
મદ્વાક્યે વિશ્વાસ જો, જોશે પરચો **સંત**. (૧/૧૧૩)

વેષધારી વાટમાં, દુર્લભ **સંત** સુજાણ,
સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન. (૧/૧૨૨)

આગળ રસમય એ કથા, સૂણો **સંત** ગભીર;
પ્રથમાધ્યાયે આ કર્યું વંદન મંગળ ધીર. (૧/૧૨૯)

અખંડ શ્રદ્ધા ભક્તિથી, કરવું લીલાગાન,
હરિગુરુ **સંત** તણું સદા, ટળે દેહ અભિમાન, (૪/૭૦)

સાધુ **સંત** સેવા કરે, સેવે ગુરુ પદ કંજ;
માતપિતા સેવા થકી, રહે લેશ ના રંજ. (૪/૮૩)

એ ઉપર બેસી થયા, **સંત** સર્વ પ્રતિદેવ.
અત્રિ શિરોમણિ સર્વના યત્સુત થયા ત્રિદેવ. (૪/૧૧૮)

ઋષિપત્ની સાધ્વી સહુ, ધન્ય પતિભક્ત એહ,
સાધુ **સંત** સેવા કરી, કરે ક્ષિણ નિજ દેહ. (૫/૧૦૪)

થઈ નિવૃત કર્મથી, સત્વર આવો **સંત** !
વખત થયો એ રોજનો, મળશે સ્હામા કંથ (૬/૪૩)

પ્રાણપ્રિય નિજ મિત્રને, ગુણી ભૃત્યને તેમ,
પતિવ્રતા સ્ત્રીને તથા, સાધુ **સંત**ને એમ. (૭/૭૯)

વંદી ગણપતિ શારદા, સદ્‌ગુરુ ગુણભંડાર,
કહે રંગ **સંતો** સહુ, થાઓ હવે ટટાર. (૧૦/૧)

સૂણી વચન અર્જુનતણાં, થયા ગર્ગ સંતુષ્ટ,
વદે વચન સુરમ્ય જે, સૂણો **સંત** પ્રહૃષ્ટ. (૧૦/૧૨)

બાલવાક્યવત્‌ આદરે, સૂણે **સંત** દયાળ;
બલિહારી ગુરુદેવની, જુએ ન સ્હામું કાળ ! (૧૨/૧૧૫)

બીજા બે દૃષ્ટાંતથી, આગળ એજ કથન,
થશે સ્પષ્ટ **સંતો** સૂણો, કહે રંગ ગહન. (૧૪/૧૪૫)

શાસ્ત્રો ગપ્પાષ્ટક બધા, **સંતો** પગની ધૂળ,
માની મસ્ત ફરે સદા, આખલા સમ શૂર. (૧૫/૧૦૪)

અંકુઠિત સર્વત્ર એ, વાયુવત્ સ્વચ્છંદ,
શોધી દંડે દુષ્ટને રક્ષો સાધુ **સંત**. (૨૦/૬૭)

કહે '**સંત** નિશ્ચય તમે ! જુઓ ન મારા દોષ',
લેશ ક્રોધ ન આપમાં, હું તો દુર્ગુણ કોષ (૨૨/૧૩૧)

જન્મકથા જમદગ્નિની; વિશ્વામિત્રની તેમ,
આ અધ્યાયે વર્ણવી; સૂણો **સંત** સપ્રેમ. (૨૨/૧૫૮)

પાપકર્મ ફરી વળ્યું, સૂઝ્યો અવળો પંથ,
છેદું બાહુ એહના; છેડે નાહક **સંત**. (૨૪/૮૦)

હણે વિપ્ર **સંત**ને, ડરે ન ચિત્તો એમ,
થશે કુલક્ષય એમનો, વિના વિલંબે તેમ. (૨૬/૬૯)

આવ્યા સપ્તર્ષિ મુનિ, લઈ સ્વસ્ત્રીઓ જાણ,
**સંત** મહંત આવી ત્યાં, વંદે ભાવે માન. (૨૬/૯૬)

થતાં કૃપા તમ **<u>સંત</u>**ની, શું દુર્લભ ગુરુનાથ ?
આવે જ ય દોડી સ્વયં, ના મોટી એ વાત ! (૨૮/૩૯)

સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ,
**<u>સંત</u>**સંગ કરવો સદા; તારે **<u>સંતો</u>** તેમ. (૩૩/૧૧)

વંદે ઋષિને એક ત્યાં, બોલે જોડી હાથ,
કહો **<u>સંત</u>** ભગવાન ક્યાં મળશે મુજને તાત ! (૩૩/૧૫)

અનસૂયાસુત દત્ત એ યોગિરાજ વિખ્યાત;
વંદે **<u>સંતો</u>** જેહને, દૈવત એ સાક્ષાત્ ! (૩૩/૧૯)

સાધુ **<u>સંત</u>** મૌન ગ્રહે, રાખી પરામાં ધ્યાન,
ગમે ભજન ના જેહને, તે સેવે અજ્ઞાન. (૩૮/૪૬)

કહે **<u>સંત</u>** એવું સહુ, ના મિથ્યા એ વાક્;
જાણી એવું મન વિષે, નમે સર્વને દ્રાક્. (૪૧/૭)

ધન્ય માત યલ્લેખથી મળ્યા ભવત્પદ આમ,
**<u>સંત</u>** મહંત મુનીશ્વરો જ્યાં પામે વિશ્રામ. (૪૧/૩૧)

અલખ કહે આગળ હવે, રંગ જામશે કેમ ?
અનુભવાશે **<u>સંતો</u>** સુધી, તર્યો અત્ર નૃપ એમ ॥ (૪૧/૧૦૮)

સંત દયાધન જો કહું, આવે લાજા સુજાણ
વર્ષે ધન વર્ષા મહીં, **સંત** પ્રતિક્ષણ માન. (૪૨/૬૨)

**સંત**કૃપાનો છાંયડો વધે ઘટે ના જેહ,
કરે શાંત ભવતાપને, કેવળ અનુપમ એહ. (૪૨/૬૩)

**સંત** શિરોમણિ તું નકી, દયાસિન્ધુ સુજાણ,
ન આપ પર તુજ મહીં, તુજને સર્વ સમાન. (૪૨/૬૫)

દેખાએ વધઘટ અહા, **સંત** કૃપામાં તેમ !
હું તો સાન્નિધ્યે રહ્યો, કાં થાંઉં ચ્યુત એમ ? (૪૨/૬૮)

**સંત** સમાગમ અફળ ના; હવે માર કે તાર,
આવ્યો શરણે તાહરા; વ્રત તારું તું પાળ. (૪૨/૬૯)

અથવા વંદ્યા **સંત** ના ? નિંદ્યા વા પરદેવ ?
ઊઠી વચ્ચે પૂજતાં સ્વદેવ વા તતખેવ ? (૪૬/૪૬)

**સંતો** સમ ત્રિભુવનમહીં ના ઉપકારી જાણ;
મેઘસમા વરસે અહા સદા કૃપામૃત માન. (૪૭/૪૪)

તેમ માણસે **સંત**ને દેવો આશ્રય જાણ,
સત્સંગતિથી નિશ્ચેય થાએ શ્રેય સુજાણ. (૫૨/૬૮)

કંદમૂલાદિ જોઈને આકર્ષાએ જેમ-
**સંત**-સાધુઓ પર્વતે, જાણે યત્નથી તેમ, (૫૨/૬૯)

રાખી સદ્‌ગુણ અંતરે, રહેતાં નિત્ય સુજાણ;
આવે **સંતો** ઢૂંઢતા, થાએ લાભ મહાન્ ! (૫૨/૭૦)

અસાર આ સંસારમાં, એકમેવ એ સાર;
થાય સંગ જો **સંત**નો, ટળે તો જ યમદ્વાર. (૫૨/૭૧)

**સંત** દેખી દોડે, મુદા, દંપતી બેઉ એહ;
પૂજે અતિથિ દેવને આણી ઉરમાં નેહ. (૫૬/૪૦)

ચિંતામણિ સ્પર્શે કરી લોહ સ્વર્ણ થઈ જાય,
પડતાં દૃષ્ટિ **સંત**ની કાયા કંચન થાય. (૫૬/૧૦૯)

પામી પાર વિદ્યા તણો, જ્ઞાનાર્ણવમાં એમ,
થયું મગ્ન મન જેમનું ધન્ય **સંત** એ તેમ. (૫૭/૭૩)

રંગ અલૌકિક જામશે, આગળ નિશ્ચય એમ,
રાચે **સંતો** સાંભળી, ખીજે દુર્જન તેમ. (૬૦/૮૦)

**સંત** ફરે લોકાર્થ એ, કરે તીર્થ પવિત્ર,
વૃદ્ધિંગત મહિમા કરે, લીલા કરી વિચિત્ર. (૬૩/૬)

કર્યાં અનેક તીર્થવ્રતો, સેવ્યા **સંત** મહંત;
દૈવે જીવ્યો એક સુત, થયો મંદમતિ હંત ! (૬૩/૨૧)

પુત્ર કારણે આ કર્યાં, કંઈક વ્રતો કંઈ તીર્થ,
સેવ્યાં દેવદેવી ઘણાં, **સંત**મહંત સુકીર્ત (૬૩/૫૫)

અલખ વચન એ સાંભળી, બોલે શિષ્ય સુધીર;
આગળ રંગ અપૂર્વ એ, સૂણો **સંત** ગભીર (૬૩/૧૪૫)

આગળ અનુસંધાન એ, સૂણો **સંત** ગભીર,
જીવાડ્યો મૃત વિપ્ર એ રંગ અત્ર રસ ધીર ! (૬૫/૫૮)

**સંત**વૃંદ સૂણતાં બધું કથે જ્ઞાન બહુ એમ,
ધન્ય ધન્ય પરિષદ્ કહે વદે મૂક જો કેમ ! (૬૭/૨૭)

એમ કહી **સંતો** કરે સાષ્ટાંગ પ્રણિપાત;
નાનાવિધ સ્તોત્રો થકી, તદ્‌ગુણકીર્તિ ગાત. (૬૭/૭૨)

ઈશ્વર પૂજન ના કર્યું, નિંદ્યા સદ્‌ગુરુ **સંત**;
વડીલ અવજ્ઞા વા કરી, થાઉં કષ્ટી હંત. (૬૮/૧૨૬)

બ્રહ્મન્ કાં પોતે કરે જાણી દેહનો અન્ત ?
આત્મહત્યા દોષદા, કહે શાસ્ત્ર ને **સંત**. (૬૮/૧૩૬)

સિદ્ધ ભૂમિ ગંધર્વપુર, અનુપમ જગ વિખ્યાત;
અનુષ્ઠાન દ્રુત જ્યાં ફળે, સકળ **<u>સંત</u>** યશગાત. (૬૯/૧૧૫)

આગળ અપૂર્વ એ કથા, ગામ ભાવથી રંગ;
બાલવાક્યવત્ સાંભળો, મૂકી **<u>સંત</u>** તરંગ (૮૦/૧૩૨)

**<u>સંત</u>** હસ્તયોગે કરે બ્રહ્મરૂપ સંસાર;
ભસ્મમાહાત્મ્ય એ નકી જામ અગમ્ય અપાર (૮૨/૧૭૫)

આગળ અનુસંધાન એ, બોલે રંગ ગભીર,
સર્વાભીષ્ટદ એ નકી, સૂણો **<u>સંત</u>** સુધીર ! (૮૪/૧૬૮)

વેદ ઋષીશ્વર - **<u>સંત</u>**ને અવાચ્ય કાંઈ ન જાણ,
બાર વરસ આયુ નકી કુમારનું તુજ માન. (૮૮/૯)

વિશ્વાધાર વિશ્વેશ તું પ્રણતપાલ ભગવંત;
ત્વત્પાદાબ્જરસે થયો લીન ભૃંગવત્, **<u>સંત</u>** ! (૧૦૦/૧૯)

કામ માત્ર શ્રદ્ધા તણું, દેખે પરચો **<u>સંત</u>**;
રંગ વલ્ગના તર્કની નિરર્થ અહીંયાં હન્ત ! (૧૦૧/૫૦)

એમ તુષ્ટ વર આપીને ગયા યોગિવર એહ;
પડતાં દૃષ્ટિ **<u>સંત</u>**ની થયાં નીરોગી તેહ. (૧૦૪/૧૭૨)

‘નથી અત્ર’ ના બોલવું માટે નાસ્તિક વેણ;
દેખો **<u>સંતો</u>** આજ પણ હોય નિરામિષ નેન ! (૧૦૫/૩૨)

**<u>સંત</u>** મહંત મહામુનિ બ્રહ્મજ્ઞાની તેમ,
શાસ્ત્રી મુમુક્ષુ પંડિતો આવે પ્રેમે એમ. (૧૧૦/૫૦)

**<u>સંતો</u>**ની અવહેલના કદિ ન કરવી જાણ;
વૃત્ત્યનુકૂળ થઈ સદા રે’વું ભાવે માન, (૧૧૦/૧૧૮)

માટે **<u>સંત</u>** કને કદી ના કરવી હઠ એમ,
તો ય દુરાગ્રહથી ન જે સૂણે સાધુનું તેમ. (૧૧૧/૪૪)

કહ્યું કોઈ **<u>સંતે</u>** તથા, માટે નિયમે ત્યાંય,
પૂજે તત્પૂર્વજ બધા, ઝાડ એહ સદાય. (૧૧૧/૫૩)

કહ્યું કોઈ **<u>સંતે</u>** સદા : નિત્ય નિયમથી આંહ્ય-
ગુરુચરિત્રનો પાઠ તું કર શ્રદ્ધાથી ત્યાંય. (૧૧૨/૬૪)

તેથી **<u>સંતા</u>**જ્ઞા થકી કરતાં સેવા જાણ,
આજ્ઞા વિણ ના એમની જાવું બીજે સ્થાન. (૧૧૪/૬૪)

**<u>સંત</u>** વચન સમ વર્તતાં શ્રદ્ધા ભાવે આંહ્ય,
રહે દુઃખ ના સ્વપ્નમાં । જડે ન શોધ્યું ક્યાંય. (૧૧૪/૬૭)

કેટલાક જન ભાવથી જઈ **<u>સંત</u>**ને શરણ,
શ્રદ્ધાથી સેવા કરે અર્પી તન, મન, ધન. (૧૧૭/૫૧)

**<u>સંતો</u>**નો ઉપદેશ જે વર્તે તત્સમ્ તેહ,
ઉપાસના કર્માદિ સહુ કરે યથાવિધિ એહ. (૧૧૭/૫૨)

અલખ કહે : સૂણ શિષ્ય હે ! દેવા શિક્ષણ એમ
લોકોને, **<u>સંતો</u>** ફરે સ્વયં નિષ્કામ તેમ. (૧૨૫/૧)

સાધુ **<u>સંત</u>**ને નિયમથી હતું અપાતું જાણ;
પાંચ સાત બેરાગીઓ એક દિવસ ત્યાં માન. (૧૩૧/૩૧)

માટે છળ ના **<u>સંત</u>**નો કરવો કદિએ જાણ;
કલહ કુટુંબે મા તથા થાવા દેવો માન. (૧૩૧/૬૦)

જોવાનો **<u>સંતો</u>** તણો કરવો યત્ન ન તેમ;
નિંદા તેમ ન **<u>સંત</u>**ની કરવી કદિએ એમ. (૧૩૪/૧૨૭)

જો કે **<u>સંત</u>** ન એહવા આપે શાપ કદાય,
સોંપી વપુ પ્રારબ્ધને વર્તે અસંગ આંહ્ય ! (૧૩૬/૨૪)

વૃત્ત **<u>સંત</u>**નું એહ જો સુણ્યું મે યથા તેમ,
હોય નિશ્ચયે તો નકી ઘોર કૃત્ય આ એમ. (૧૩૬/૨૮)

કરે ઉપકાર સર્વદા !! પછી ભાવથી જેહ
અનન્ય સેવા **સંત**ની કરે અહર્નિશ તેહ. (૧૩૬/૫૯)

સીતારામ મહારાજ, ત્યાં આવ્યા શ્રીગુરુરાય,
દર્શનાર્થ દોડ્યા તિહાં **સંત** મહંત ઘણાય. (૧૪૪/૨)

થતાં અનુગ્રહ **સંત**નો. રહે દુઃખ ના એમ;
સત્ય સૌખ્ય નિશ્ચય મળે, હોય ભાવ જો તેમ. (૧૪૬/૧૨૪)

થયા મોક્ષાધિકારી ત્યાં ના આશ્ચર્ય વિશેષ;
કૃપા કટાક્ષે **સંત**ના જાય સમૂળા કલેશ. (૧૪૬/૧૨૬)

તત્પદમાં અર્પણ કરું તત્પ્રેરિત આ ગ્રંથ,
શ્રદ્ધા ભક્તિથી પઢો **સંત** એહ નિર્ગ્રંથ. (૧૪૮/૨૭૬)

# એકનિષ્ઠ ગુરુભક્ત

**પૂ. પ્રેમ અવધૂતજી**

ઈ.સ. ૧૯૫૭માં પૂ.શ્રીને લીંચ પધારવા માટે ખેડા સોમનાથ મહાદેવમાં આમંત્રણ આપવા હું જ્યારે પૂ. ભોગીમામા સાથે ગયેલો ત્યારે મુ. નરહરિભાઈ સાથે પ્રથમ મુલાકાત થયેલી. એ પહેલાં મળેલા પરંતુ બહુ વાતચીત થઈ ન હતી. ખેડામાં તેઓ શ્રી પૂ.શ્રીની સેવામાં હતા. તે પછી સંબંધ વધતો ગયો.

સરખેજની પાદુકા જ્યારે પૂ. બાપજીએ નારેશ્વરમાં આપી ત્યારે હું ત્યાં હાજર હતો અને પૂ.બાપજીએ શ્રીમુખે કહેલું કે: ''નરહરિ ! આ પાદુકા હું તને આપું છું - આત્મલિંગ તને આપું છું.'' આ ઉપરથી તેમની પૂ.શ્રી પ્રત્યેની ભક્તિ કેવી હતી તે સમજી શકાય છે.

જેને ભગવાન રંગાવધૂતજી સંતો કહીને બોલાવતા હોય અને હ.ભ.પ. (હરિભક્તિ પરાયણ) કહેતા હોય તેમના વિશે શું લખી શકાય ? એમ છતાં પ્રેમના સંબંધે લખવા પ્રેરાયો છું.

મારા પ્રત્યે તેમનો અંદરથી પ્રેમ હતો એવું મને લાગતું હતું અને એટલા ખાતર જ હું જ્યારે અમેરિકા હતો અને તેઓ શ્રી ભારતમાં ખૂબ જ બીમાર હતા ત્યારે હું તેમની અવાર નવાર ખબર પૂછ્યા કરતો હતો અને છેલ્લા દિવસે મેં જ્યારે ફોન કર્યો ત્યારે બોલાતું ન હતું છતા ફક્ત મારી સાથે ગુરુદેવ દત્ત એટલું છેલ્લે છેલ્લે બોલ્યા અને એ બોલ્યા તે બોલ્યા પછી કશું જ બોલ્યા નથી અને સમાઈ ગયા રંગમાં. મારી સાથેનો તેમનો પ્રેમ કેવો હતો તે આ ઉપરથી સમજી શકાય છે.

પૂ. બાપજીના આદર્શો અને સિદ્ધાંતોમાં તેઓ અડગ હતા અને કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેતા ન હતા. ગમે તેવી મોટા ગજાની વ્યક્તિ પણ પૂ. બાપજીના સિદ્ધાંતોને અનુકૂળ ન હોય તો તે સ્પષ્ટ કહી દેતા એવા તેઓશ્રી સ્પષ્ટ વક્તા પણ હતા.

મારા પ.પૂ. તીર્થરૂપ માતુશ્રી જ્યારે નારેશ્વર પૂ.માજીની સેવામાં હતાં ત્યારે તેમનો રૂમ અને મારા માતુશ્રીનો રૂમ જોડે જ હતો. બન્ને પરિવારને આત્મીયતાનો નાતો હતો.

પૂ. બાપજીના શરૂઆતના ભક્તો પૈકીના તેઓશ્રી એક હતા. એમણે પૂ. બાપજીની પ્રત્યક્ષ સેવા તો કરી જ છે પરંતુ પૂ. શ્રીના બ્રહ્મલીન થયા પછી પૂ. શ્રીની પ્રતિમાની પણ સેવા કરી છે અને તે પણ પૂ. શ્રી પ્રત્યક્ષ છે એવું માનીને કરી છે. આ રીતે કરેલી સેવા તો આપણે બધાએ જોયેલી જ છે.

શ્રી રંગમંદિરે મંગલા પ્રસંગે એમની બિરુદાવલી જેમણે સાંભળી છે તેમને જ એમના મધુર કંઠનો ખ્યાલ આવે. એ બિરુદાવલી હજી કાનમાં ગૂંજે છે અને ‘રંગહૃદયમ્’ના સ્તોત્રો ગાતાં તેનો લહાવો સર્વને મળેલો જ છે.

તેમના ગયા પછી આજે પણ તેમનો પરિવાર સ્નેહીશ્રી બિપીનભાઈ, સૌ. પ્રવિણાબેન વગેરે નાતો જાળવે છે તેનો આનંદ છે.

તેઓએ નર્મદા પરિક્રમા વિશેના બધા નિયમોનું પાલન કરીને નર્મદાની પરિક્રમા કરી હતી.

તેઓશ્રીને પ્રેમાંજલિ આપવાનો મને આનંદ છે.

ૐ

પ્રેમ

# પૂજાધિકારી શ્રીનરહરિભાઈ

**સ્વ.શ્રી જયંતીલાલ આચાર્ય**
(પ્રમુખ, અવધૂત ટ્રસ્ટ, નારેશ્વર)

સરખેજના શ્રી નરહરિભાઈ નારેશ્વર રંગમંદિરના પૂજાધિકારી હતા. નારેશ્વરમાં એ ભગવાન શ્રી રંગ અવધૂતની પ્રતિમાની પૂજા કરતા હતા. એમની સશાસ્ત્ર પૂજા અને તહેવારોની શણગારની વ્યવસ્થા ઉત્તમ હતી. એમણે પૂજાની એક નોંધ તૈયાર કરી હતી. એમની પૂજાથી લોક ખુશ રહેતા. એ આદર્શ પૂજાધિકારી હતા. બાપજી પણ એમની એ પૂજાથી પ્રસન્ન થયા હતા. એમને હ.ભ.પ. (હરિ ભક્તિ પરાયણ)નો ઈલ્કાબ આપીને બાપજીએ એમને ધન્ય કર્યા હતા.

એમણે પૂ. બાપજીના પ્રથમ દર્શન સને ૧૯૩૭ (સંવત ૧૯૯૩)માં શ્રી ચુનિલાલના ખેતરમાં કર્યા. એ પ્રથમ દર્શને એમને પોતાના ઈષ્ટદેવ શંકર માની લીધા અને પછી જીવનમાં અંત સુધી શ્રી રંગ અવધૂતના ભક્ત રહ્યા.

લોકોમાં એ સંત તરીકે ઓળખાતા હતા. એ વિદ્વાન, પરોપકારી, સ્નેહાળ અને સહકારી હતા. એ સેવાભાવી ભક્ત હતા. એમનો કંઠ સારો હતો એટલે અવધૂતજીએ એમને :

૧ રે મન મસ્ત સદા દિલ રહેના
૨ મોહે દત્ત દરસકી આસ કોઈ મિલાવો રે
૩ ભઈ મતવાલી પિયાકે દિદાર પાયે

એ ત્રણ ભજનો પોતે ગાઈ બતાવ્યાં હતાં.

એમણે બાપજી સાથે પ્રવાસ કર્યો હતો ત્યારે ત્રોટીદરાના વરસાદે રંગને ઈશ્વર ગણવાની શ્રદ્ધા દૃઢ થઈ હતી.

પૂ. શ્રીનો એમના ઉપર એટલો બધો પ્રેમ હતો કે જ્યારે એમનું મંડળ સને ૧૯૫૨માં પદયાત્રાથી પાદુકાજી લઈ જવા આવ્યું ત્યારે બાપજી શ્રીમુખે બોલ્યા કે 'નરહરિ, આ પાદુકાજી હું તમને જ આપું છું.' પાદુકાજી લઈ ગયા પછી એ જ નિઃશુલ્ક પૂજારી બન્યા હતા. પૂજા માટે એમના ગામના અઢાર (૧૮) પૂજારીઓ ઊભા કરી પૂજા તેમને વહેંચી આપી હતી. એ મંદિરના પ્રમુખ હતા.

એ અમદાવાદમાં ચાલુ હુલ્લડે ભગવાન પર વિશ્વાસ રાખીને જે ધર્મશાળામાં બાપજી રહેતા હતા તે ધર્મશાળામાં બાપજીને પત્ર આપવા માટે રાત્રે ગયા હતા. હુલ્લડ ચાલુ હતું અને એજ રસ્તે એમને જવાનું હતું. અવધૂતે એમનું રક્ષણ કર્યું હતું. એજ રાત્રે એમની ઑફિસનું ઈન્સ્પેક્શન થયું હતું. એ ઑક્ટ્રોય ખાતામાં નોકરી કરતા હતા. એ ઑફિસમાં નહિ હોવા છતાં એમની ઑફિસનું ઈન્સ્પેક્શન થયું અને કોઈ ભૂલ ન જણાઈ.

એમને પૂ. શ્રીએ મંત્ર આપ્યો હતો. તે તેર (૧૩) અક્ષરનો વિશિષ્ટ મંત્ર હતો. તેમને આસન વગેરે આપ્યાં હતાં. તેની એ પૂજા કરતા હતા. એ બાપજી સાથે ખંભાતમાં એક મહિનો રહ્યા હતા.

એમણે નર્મદા મૈયાની પરિક્રમા કરી હતી. તે વખતે દિવ્ય અનુભવો થયા હતા. એમણે પરિક્રમાવાસીઓનું એક સંમેલન નારેશ્વરમાં યોજ્યું હતું.

એ વૈદ્ય હતા પણ દવાખાનું ખોલ્યું ન હતું. એમણે ઘણા ભક્તોને દવા આપી દર્દમુક્ત કર્યા હતા. એ કોઈ કોઈ ભક્તોને મંત્ર, પાઠ, અનુષ્ઠાન પણ બતાવતા. એ બીજા ગુરુ પાસે કુંડલિની યોગ શીખ્યા હતા. કંઈક ભૂલ થતાં એમને દર્દ થયું હતું અને એ અશાન્ત થયા હતા. એ યોગી ન થઈ શક્યા ને ગયા.

એમણે યજ્ઞોમાં સામગાન ગાયેલો. એમણે કાયમી સ્મૃતિરૂપે દત્તના સોળ (૧૬) નામ પ્રમાણે સોળ (૧૬) ઔદુંબરો રોપાવ્યા છે. એમનાં પ્રાસંગિક પ્રવચનો બોધપૂર્ણ હતા. એમણે કેટલાંક સુશ્રાવ્ય કીર્તનો પણ કર્યાં છે.

નારેશ્વરના આવા એકનિષ્ઠ પૂજાધિકારીને સ્મરણાંજલિ આપીને હું પણ સંતોષની લાગણી અનુભવું છું.

**– અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

ૐ

# મારું પ્રેરકબળ
## પૂ. નરહરિકાકા

**ડૉ. ઈન્દુભાઈ દવે**

ભગવાન રંગાવધૂતજી મારા આરાધ્ય દેવ. એ 'ઠાકોરજી' મને કોઈ આદેશ કરે એટલે પછી એ કાર્ય કરીને જ છોડું. મારી કાર્યપદ્ધતિ એવી કે જે બહુ ઓછાને ગમે. પૂ.નરહરિદાદા એવી વ્યક્તિ કે જેમને એ ગમે. એ શિસ્તના આગ્રહી. એમની આંખમાં મેં લાલચના સાપોલિયાં દોડતાં જોયાં નથી. પ.પૂ. ગુરુમહારાજ પ્રત્યેનો ભાવ એવો ઊંચો કે એમના સિદ્ધાંતનો ભંગ થતો જુએ કે તરત જ ચેતવણીની મશાલ પકડીને ઊભા થઈ જાય. મારી પડખે બીજા કેટલા છે એની ગણતરી ન કરે. એમ કહેવાય છે કે સંતોને એમના પ્રાણ કરતાં પણ એમના સિદ્ધાંતો વધારે વહાલા હોય છે.

એમની ખુમારી અને નિષ્ઠા પર હું વારી ગયેલો. હું બીજાનું કહેલું કરું કે ના પણ કરું પરંતુ પૂ. નરહરિકાકાનું કહેલું તો કરું જ. મારા દરેક કાર્યક્રમમાં એમણે હાજરી આપી જ છે. મારા ઘરમાં ભગવાન રંગાવધૂતજીની મૂર્તિ-પ્રતિષ્ઠા વખતે અને ધૂન જેવા પ્રસંગે એઓ-પ્રેમભાવથી પધારતા. એમને મારા પ્રત્યે અને મુ. કુલીનભાઈ પ્રત્યે ઊંચો ભાવ. એમને એવું લાગતું હશે કે આ ખોટું કરે એવા નથી.

મને પૂ.નરહરિકાકા પ્રત્યેનો ઊંચો આદરભાવ હતો એના ઘણાં કારણો હતાં. એમાં મુખ્ય હતાં : માગણવૃત્તિનો અભાવ, પ્રતિષ્ઠા પ્રત્યેની ઉદાસીનતા, ખુમારી અને શિસ્તનો આગ્રહ. એમની હાજરીથી નારેશ્વર હર્યું-ભર્યું લાગતું. 'એક બાજુ રામ અને બીજી બાજુ ગામ' જેવું એમનું વ્યક્તિત્વ હતું. ''ખોટું કરવું નહિ અને ખોટું કરવા દેવું નહિ'' એવી વૃત્તિ મને ગમે અને મને એમનામાં જોવા મળતી.

પૂ.નરહરિકાકા દિવંગત થયા અને મુ. કુલીનભાઈએ જેવી 'સંત-સ્મરણાંજલિ'ની વાત કરી કે તરત જ મેં કહ્યું : મને સાથે રાખજો. ભગવાનની ઇચ્છાથી આ પુસ્તિકા - બે વર્ષ પહેલાં પ્રકાશિત કરવી હતી પણ એ આજે પ્રકાશિત થઈ રહી છે.

મારી સદ્પ્રવૃત્તિનાં અને રંગભક્તિનાં એ પ્રેરકબળ રહ્યા છે. એમની ખુમારી અને રંગભક્તિના થોડા ચમકારા અમને પણ મળો એવી ગુરુમહારાજનાં ચરણોમાં પ્રાર્થના.

**– અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

# સ્મરણાંજલિ

**શ્રી દીનુભાઈ ત્રવાડી**
સરખેજ

શ્રી નરહરિભાઈ એટલે એક આદર્શ ભક્ત. નવધા ભક્તિનું અર્ચનભક્તિનું મૂર્ત સ્વરૂપ. સ્વભાવે કંઈક તીખાં છતાં આર્દ્ર. અવાજ મીઠો, મધુર છતાં પહાડી. ઈષ્ટદેવ મહાદેવ, પણ પૂજ્યશ્રી અવધૂતના અરંગી રંગમાં રંગાયા પછી તેમની અવ્યભિચારિણી ભક્તિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ.

પૂજ્યશ્રી પ્રત્યેના આચાર-વિચારમાં સ્હેજ પણ સ્ખલન દેખાય તો તેમને મન અસહ્ય થઈ પડે. પૂજનમાં ઉચ્ચાર શુદ્ધિ સાથે સાંગ પૂજનના આગ્રહી.

કૌશિક ગોત્ર, ત્રિપ્રવર અને કૌથમી શાખા, સામવેદી હોવાનું ગર્વ. સામગાન કરે ત્યારે સાંભળવાનું મન થઈ આવે. સામગાનનો આલાપ કરે ત્યારે ભલાભલા વૈદિકોને પણ મંત્રમુગ્ધ કરે.

સરખેજની ધરતીએ શિક્ષકો આપ્યા છે, કારકૂનો આપ્યા છે, વેપારીઓ આપ્યા છે, વિદ્વાનો આપ્યા છે, લેખકો આપ્યા છે, કવિઓ આપ્યા છે, અધિકારીઓ આપ્યા છે, સૂફી સંત આપ્યા છે, અગમનિગમની શોધ પાછળ મંડ્યા રહેવા વિચારકો આપ્યા છે અને એવા બ્રહ્મચારીઓ પણ આપ્યા છે. સાથે સાથે અરંગીરંગની વિચારધારાના પ્રશંસકો અને સ્વાનંદમાં ડૂબીને

મસ્ત રહેતા અલગારી પણ આપ્યા છે - ભક્તો પણ આપ્યા છે. શ્રી નરહરિભાઈની ગણના આ બધામાં થઈ શકે તેવી છે અને તે અવિસ્મરણીય છે.

શિક્ષક તરીકે શરૂઆત કરી. પ્રેમચંદ રાયચંદ કૉલેજમાં ટ્રેઈનિંગ લઈ તેમણે અમદાવાદ મ્યુનિ. કૉર્પો.માં કારકુન થવાનું સ્વીકાર્યું અને તેમાંજ નોકરી પૂરી કરી, નિવૃત્ત થઈ, પૂજ્યશ્રીની આજ્ઞા લઈ નર્મદા પરિક્રમા નિર્વિઘ્ને પૂરી કરી. સરખેજ આવી શ્રી ગુરુલીલામૃત ગ્રંથની શ્રી રમણભાઈ શાસ્ત્રી દ્વારા સપ્તાહ કરાવી, વડોદરા શ્રીરામ ગલોલા મંદિરમાં થયેલા ૧૦૮ પારાયણમાં શ્રી નરહરિભાઈ એક પારાયણાર્થી હતા. એ કાર્યક્રમમાં ભાગ લીધા પછી તેમને શ્રી ગુરુલીલામૃત ગ્રંથ હાથે - લખવાની પ્રેરણા થઈ. તેમણે લખેલો આ ગ્રંથ એ રંગ પરિવારનો કદાચ પ્રથમ હસ્તલિખિત ગ્રંથ હશે. અક્ષરો પહેલેથી જ મોતીના દાણા જેવા એટલે પોથી આકારનો આ ગ્રંથ વાંચવામાં સરળ પડે તેવો છે. આમ તો સદાયે હસમુખા પણ આચારશુદ્ધિના વિશેષ આગ્રહી. એટલે જ પૂજ્યશ્રીએ પાદુકા અર્પણ કરતાં ''નરહરિ, આ પાદુકા તને આપું છું'' એમ કહેલું. રતનલાલ મહાત્માને ત્યાંથી મંદિરમાં પૂજન અર્થે આપેલી પાદુકા સ્હેજ દાઝી જવાથી પૂજ્યશ્રી સરખેજ મંડળને ઉપાસનાર્થે સ્વહસ્તે બીજા પાદુકા આપે તે અંગેની વિનંતીઓ પ્રાર્થના કરવામાં તેમનો મુખ્ય ફાળો. અનેક તાવણીએ તાવ્યા પછી 'હા' થઈ એટલે પાદુકા કેવી રીતે લાવવી તેની મથામણો ચાલી. છેલ્લે નક્કી થયું કે રેલવેના પ્રથમ વર્ગ

(First Class)ના ડબ્બામાં બેસી તાટ (કથરોટ)માં મૂકી પાદુકાજી લાવવા. શ્રી નરહરિભાઈને સ્વપ્નું આવ્યું : 'તું મને રેલવેમાં લઈ જઈશ ?'' ત્યાંથી આખી વાતે વળાંક લીધો.

શ્રી નરહરિભાઈએ બીજા દિવસે રાત્રે અમારી મિટિંગમાં વાત કરી, ચર્ચાઓ ચાલી. રસ્તાની વિટંબણા, લાંબુ અંતર, બધા નોકરિયાતો એટલે ૧૦-૧૫ દિવસની રજા શી રીતે મળે ? એકમત થવો અઘરો થયો. છેલ્લે નરહરિભાઈએ ઘોષણા કરી કે મંડળ નહિ આવે તો હું એકલો ચાલતો લઈ આવીશ. આ ધારદાર વાક્યથી આખી વાત પલટાઈ ગઈ. એક અવાજે પાદુકાજી ચાલતા લાવવાની વાત નક્કી થઈ અને પૂજ્યશ્રીએ મંડળને આત્મલિંગ આપું છું કહી પાદુકાજી આપ્યાં. સારા કામમાં સો વિઘ્નો એ ન્યાયે કસોટી કરનારે આકરી કસોટી તો કરી જ પરંતુ પૂજ્યશ્રીનો અભય હસ્ત હોવાથી બધું હેમખેમ પાર ઉતર્યું. પૂજ્યશ્રીની પ્રતિમાના સ્થાપન વખતે પણ કસોટીમાંથી પસાર થવાનું આવ્યું, પરંતુ આ બધા પ્રસંગે શ્રી નરહરિભાઈ સાથે શ્રી જગન્નાથભાઈ, શ્રી રામભાઈ વગેરે સાથે ભક્ત મંડળ અડીખમ ઊભું હતું. પૂજ્યશ્રીની અનુમતિથી ભક્તમંડળના ભક્તોના માસિક વારા ગોઠવાયા જે આજ દિન સુધી ચાલુ છે.

ભક્ત મંડળની શરૂઆતથી જ શ્રીનરહરિભાઈ વ્યવસ્થાપક. બે વ્યવસ્થાપક પૈકીના શ્રીજગન્નાથભાઈ તો બહારગામ નોકરી કરતા હતા. આથી સમગ્ર સંચાલન, પૂજન વ્યવસ્થા

(પૂજન કેવી રીતે કરવું, કયા મંત્રો લેવા વગેરે) શ્રી નરહરિભાઈ સંભાળતા. તેમાં સ્હેજ પણ સ્ખલન ચલાવી લેતા નહિ. એ સમયે કોઈને કદાચ કડક સ્વભાવના લાગે પરંતુ તેમની દૃષ્ટિ યથા સાંગ ઉપચારથી અને નિર્દિષ્ટ વિધિ મુજબ જ પૂજા થાય તે હતી. રાત્રે કે રજાના દિવસે મંદિરમાં બોલાવી મંત્રોના ઉચ્ચાર વગેરે શિખવતા.

કોઈવાર હર્ષાવેશમાં કે કોઈ અન્ય વિચારમાં તે ખોવાઈ જાય ત્યારે સ્મૃતિ તેમને સાથ નહોતી આપતી. દત્તજયંતી પર મંડળના ભક્તો નારેશ્વર જતા હતા ત્યારે પોતાના સગીર વયના બે છોકરાઓને અમદાવાદના રેલવે સ્ટેશન પર ભૂલી જવાનો વિરલ પ્રસંગ તેમની નારેશ્વર ક્યારે પહોંચાય તેની ખેવનાનો દ્યોતક છે.

મંદિરના વહીવટના સંદર્ભમાં મોટા માથાના માનવી સાથે મતભેદ થતાં, ‘‘અમારા ઘરબાર વેચવા પડશે તો તે વેચીને પણ સ્થાન ઊભું રાખવામાં અને પૂજનમાં ઊણપ નહીં આવવા દઈએ એવું કહેનારા શ્રી જગન્નાથભાઈ સાથે શ્રી નરહરિભાઈ જ હતા. સરખેજ ભક્ત મંડળનો વહીવટ ‘નાણાં વિનાના નાથાલાલ’ જેવો હતો. છતાં બન્ને વ્યવસ્થાપકોએ શ્રી નરહરિભાઈ નારેશ્વર રંગમંદિરમાં પૂજન કરવા ગયા ત્યાં સુધી ભારે ભાવથી વહીવટ સંભાળ્યો. ‘‘સરખેજ બીજું ગાણગાપુર થશે’’ એવું પૂજ્યશ્રીએ કહેલું તેને આજે ચરિતાર્થ થતું જોઈ રહ્યા છીએ.

શ્રી નરહરિભાઈ નારેશ્વરમાં સ્થિર થતાં તેમણે પૂજન-અર્ચનમાં જે ચીવટ, પવિત્રતા, સમયબદ્ધતા અને નિખાલસતા વગેરે દર્શાવ્યા છે તે તેમણે શરીરે જ્યાં સુધી કામ આપ્યું ત્યાં સુધી દર્શાવ્યા. બ્રાહ્મમુહૂર્તમાં સાડાત્રણ વાગે ઊઠી, પોતાનું નિત્યકર્મ કરી, સાડાચાર વાગે રંગ મંદિરમાં અખંડ દીવો વગેરે જોવાં અને ત્યારબાદ ધ્યાનમાં બેસવું - સવારે સાડા પાંચના ટકોરે રંગ મંદિરે હાજર થઈ ''અખંડ ભૂમંડલાચાર્ય''.......ની બન્ને બિરુદાવલી બોલવી વગેરે આ બધું તો જેણે જોયું હોય, સાંભળ્યું હોય તેને જ તેમની ભવ્યતાની અને તપશ્ચર્યાની ખબર પડે.

રંગ મંદિરમાં સવારમાં મંગલા આરતી હાથમાં લઈ જ્યારે તે ઊભા થાય ત્યારે કોઈ ઋષિ પરમાત્માની આરતી ઉતારતો હોય, તેના ગુણાનુવાદ ગાતો હોય, દેવના નયનોમાંથી નિખરતું તેજ આત્મસાત્ કરતો હોય એવું લાગે. એ દૃશ્ય જોવું એ પણ એક અનન્ય લ્હાવો હતો. ગુરુ અને દેવમાં એ અભેદભાવે નિરખતાં.

ઉજ્જૈનના મહામના યોગીએ એમને શક્તિપાતની દીક્ષા આપી હતી અને એક સંત પુરુષના કહેવા મુજબ કુંડલિની શક્તિ જાગ્રત થવાની કક્ષાએ લગભગ પહોંચી ગયા હતા પણ છેલ્લે છેલ્લે શરીર શિથિલ થતાં, અંગ ઉપાંગો સાથ આપતાં અટક્યાં એટલે સમગ્ર ક્રિયા અવસાન સમયે શરીરમાં જ સમાઈ ગઈ.

સમગ્ર ભક્ત મંડળમાં તે સાચા અર્થમાં ‘દાદા’’ કહેવાયા. આવા ભક્તહૃદયીથી સ્વજન વિદાય લે, પોતાની ભાવુકતા સંકેલી લે ત્યારે તેમનો ખાલીપો અમૂંઝણ પેદા કરે તે સ્વાભાવિક છે. એમનું જીવનકવન ચિરસ્મરણીય બની ગયું છે. સદ્‌ગુરુનાં ચરણોમાં જે અહર્નિશ રહ્યા છે તે તરી ગયા છે એ નિઃશંક છે. આવા મહામના, આદર્શ ભક્તને વિનમ્રતાપૂર્વક પ્રણામ કરવા રહ્યા.

**– અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

# શ્રીનરહરિભાઈ - આદર્શ પૂજાધિકારી

સ્વ. શ્રી સુમનલાલ ન. પુરોહિત

નરહરિ એટલે સરખેજ રંગ પરિવારના નરોમાં જે હરિ જેવા હતો તે. સંવત ૧૯૯૨માં પહેલવહેલો પરિચય થયો. રામપ્રસાદ ગુરુજી, નરહરિભાઈ, જગન્નાથ અને સુમનલાલ (હું) દત્તજયંતી નિમિત્તે નારેશ્વરમાં શ્રીગુરુલીલામૃતના પારાયણ માટે મંડપમાં બેઠા ત્યારે પરિચય થયો. દર વર્ષે નરહરિભાઈ મળતા અને પછી તો મૈત્રી ગાઢ બનતી ગઈ.

સંવત ૧૯૯૬માં સરખેજ કોટેશ્વર મહાદેવમાં મે-જૂનમાં પૂજ્ય શ્રીનો મુકામ હતો. કોઈ પૂર્વજન્મના પુણ્યે પૂજ્ય શ્રીએ મને ઉમલ્લાના પાંચ ભક્તદીકરાઓ સાથે ભજન માટે બોલાવ્યો અને એ નિમિત્તે હું આવ્યો ત્યારે નરહરિભાઈ સાથે મૈત્રીની રેશમની ગાંઠ બંધાઈ. મુલાયમ રેશમની દોરીનો ગાંઠ ચીકણો હોવાથી ઝટ ખૂલે નહિ.

હવે હું નરહરિભાઈને ‘સંતો’ના નામે સંબોધીશ. યુવાન વયથી જ નીડર. સાચાને સાચું જ કહેનાર અને પોતાના કાર્યક્ષેત્રમાં-અડગ અને હઠાગ્રહી હતા.

પ્રસંગ હતો નારેશ્વર સ્થાનમાં ૧૦૦ દિવસ રોજ ૧ દત્તયાગ કરવા અંગેનો. અમે પાંચ વ્યક્તિ નિમાયા. (૧) સંતો (૨) જગન્નાથ. (૩) ડૉ. રતિલાલ પંડ્યા (૪) જયંતીલાલ આચાર્ય અને (૫) હું - સુમનલાલ પુરોહિત. આમાં સંતો કડક

શિસ્તના આગ્રહી. આહુતિનું પાયસ કુંડ બહાર પાડનારને ખખડાવી નાંખે. વ્યસન કોઈ નહિ. આની કંઈ મંજૂરી મળે નહિ. એક દિવસ વિચાર આવ્યો કે આવું પવિત્ર કાર્ય કરવું અને જનરલ રસોડે જમવું યોગ્ય નથી. ચારે મિત્રો સાથે વિચાર કર્યો કે બરાબર છે. રસોઈ બનાવવાનો પ્રશ્ન તો ઉકલી ગયો. કારણ કે સૌ. આનંદી બહેન અને સૌ. કમળાબેને એ કામ ઉપાડી લીધું અને એ રીતે પવિત્ર અન્ન ખાઈને કાર્યરત રહી શક્યા.

પૂ.શ્રીની બાવનમી રંગજયંતી વડોદરામાં રામગલોલા રામ મંદિરના મહંત શ્રી નારાયણદાસજીએ ઉજવવાનું નક્કી કર્યું. ૧૦૮ કર્મકાંડી વિદ્વાન બ્રાહ્મણો જોડાયા. તેઓની સેવા માટે તથા પ્રભાત ફેરી અને રાત્રીભજન માટેની સેવા પૂ.શ્રીની સૂચનાથી મને સોંપવામાં આવી. એ દિવસોમાં સિનેમા થિયેટરમાં ''દહેજ'' પિક્ચર આવ્યું હતું. મને કોઈ સંચાલક ઓળખતો હોવાને કારણે મફત જોવા જવાનું હતું. બધા તૈયાર થયા. મને પણ આગ્રહ કર્યો પણ મેં મારી કામગીરીને કારણે અશક્તિ બતાવી. એટલે બાકીના ગયા. કારતક સુદ આઠમે પૂ.શ્રીનો મુકામ થવાનો હતો. પૂ.શ્રીને વિક્ટોરિયામાં લાવવાના હતા. ગાડીની એક બાજુના પૈંડા પર હું અને બીજી બાજુ જગન્નાથ ઊભા રહી વાતો કરતા હતા. લાભપાંચમથી પૂ.શ્રીને તાવ હતો. આ વાતની જાણ થવાથી જગન્નાથે પૂ.શ્રીને પૂછ્યું: ''બાપજી! તાવ આવે છે ?'' પૂશ્રીએ હા કહી એટલે જગન્નાથે પૂછ્યું; કેમ એકાએક ? પૂશ્રીએ કહ્યું કે જગન્નાથ! લીલામૃતનાં પારાયણ ચાલતા હોય અને મારા જ અંગત ભક્તો સિનેમા જોવા જાય તો તાવ મારી પાસે જ

આવેને ! બીજે ક્યાં જાય ? મારા તો રોમ રોમ ખડા થઈ ગયા અને ભગવાને મને બચાવી લીધો તેનો પાડ માન્યો.

ઉત્તર ગુજરાતમાં લીંચ, મહેસાણા, ભેસાણા વગેરે સ્થળે મુકામ હતો. ત્યાં રબારી, ખેડૂતો આખો દિવસ કામ કરી રાત્રે દર્શને આવે. અહીં તો એક જ ધૂન દિગંબરાની - આ રબારીઓ કહેવા લાગ્યાઃ ''માળું આ હું એકનું એક. નહિ કથા કે નહિ કીર્તન.'' બાપજીએ આ સાંભળ્યું એટલે સંતોને (નરહરિભાઈને) બોલાવીને કહે ''અલ્યા નરહરિ! આજે તું કીર્તન કર.'' નરહરિભાઈ 'બાપજી' એટલું જ બોલ્યા ત્યાં જ બાપજીએ કહ્યુંઃ શું બાપજી થઈને ઊભો ? આ માસ્તર અને દીનાનાથ સાથ કરશે.'' છતાં નરહરિભાઈની હિંમત ના ચાલે એટલે મેં કહ્યું કે લીલામૃતમાંથી અનસૂયાનું આખ્યાન શરૂ કર. દીનાનાથભાઈએ ફેંટો વીંટી આપ્યો. હાથમાં કરતાલ સાથે ઊભા કરી દીધા અને ભગવાનની જય સાથે ગળામાં હાર પહેરાવ્યો. કીર્તનને લગતાં કેટલાંક ભજનો, દત્ત દત્ત વદો ભાઈ, નવ સૂઝે કામ કંથ વિદેશે રે, સખી ચૈતરે ચટપટી લાગી રે'' ચાલ્યું. વચ્ચે કોઈ સહેલી રામજીની ધૂન. કીર્તન જામ્યું અને સંતો પણ જામ્યા. ૯ થી ૧૧ના બે કલાકનો સમય ક્યાં ગયો તેની ખબર જ ના પડી. ગામડિયા તો રાજી રાજી થઈ ગયા. કીર્તન બાદ સંતો પૂ.શ્રીનાં ચરણે વંદન કરવા ગયા ત્યારે પૂ.શ્રી બોલ્યાઃ કેમ અલ્યા હ.ભ.પ. ગભરાતો હતોને !

ચાર પ્રકારની મુક્તિ પૈકી નરહરિભાઈને પૂ.શ્રીએ સારૂપ્ય મુક્તિ આપી હતી. પૂ.શ્રીએ પોતાનું રૂપ આપી દીધું હતું. ઘણા ભક્તોને સંતોમાં રંગપ્રભુના દર્શન થતા હતા.

સંતોને વચનસિદ્ધિનું દાન પણ પૂ.શ્રી તરફથી મળ્યું હતું અને તેથી તેઓ ભક્તોને જે કંઈ જવાબ આપતા હતા તેનાથી ભક્તોના કામ થતાં હતાં. એક બનેલો પ્રસંગ વર્ણવું છું.

નારેશ્વર સ્થાનના ડૉ. નરપતસિંહ પોતે અમુક જગ્યાએ ભણવા જવા માગતા હતા, પરંતુ એમને સ્થળ કંઈ બીજું મળે તેમ હતું. આથી એમને પૂ.બાપજી પ્રત્યે સાત્ત્વિક રોષ ભરાયો. તે જ રાત્રે પૂ.શ્રીએ સંતોને સ્વપ્નમાં જવાબ આપ્યો. સવારમાં સંતો મંદિરે ગયા અને ત્યાં જ થોડા વખતમાં ડૉક્ટર દર્શને આવ્યા. ત્યારે સંતોએ કડક અવાજે કહ્યું કે ''અલ્યા અરવિંદ! અહીં જ ઊભો રહે. આગળ વધીશ નહીં. અને કહ્યું તારે માટે જે સ્થળ છે તે જ સારું છે માટે ફેરફાર કરવાનો નથી. ચાલ જા'' ડૉક્ટરનું નામ અરવિંદ હતું. આ નામની તેમના ઘરના માણસો સિવાય કોઈને ખબર ન હતી. આ નામ સાંભળીને ડૉક્ટર તો સજ્જડ થઈ ગયા અને પૂ.શ્રી ઉપરનો રોષ ઉતરી ગયો. જે સ્થળ મળ્યું ત્યાં જ ગયા અને ત્યાં જ ભણ્યા અને તેઓ સફળ પણ થયા.

સરખેજ પાદુકા મંદિરના પૂજારીઓની વરણી કરી. ૧૮ પૂજારીઓ નક્કી કર્યા જે બધા જ પૂજા અને સેવા દિલથી કરે છે. પ.પ.સ્વામી મહારાજની મહાપૂજાના પણ શ્લોકો - લઈ ઉપચાર કરતા. મહાપૂજા કે યજ્ઞમાં યાત્રાદિકમાં કડક શિસ્ત પાળતા અને પળાવતા. પૂ.શ્રીની પરંપરાને આવી પવિત્ર અને તેજસ્વી વ્યક્તિએ અકબંધ જાળવી છે.

# પ્રતિરંગ-મુ.નરહરિદાદા

**નવીનચંદ્ર-નંદલાલ પાઠક**
નારેશ્વર

પૂ.શ્રી. વિરચિત રંગ-પ્રશ્નોત્તરમાલાના બે પ્રશ્નોના ઉત્તરો સાથે શ્રીનરહરિદાદાનું જીવન ખૂબ જ યથાર્થ રીતે સંકળાયેલું હતું.

**किं दुर्लभं ? नृजननं, पुंस्त्वं तत्रापि मुमुक्षुता ।**
**सत्यप्येवं त्रितये, सदगुरु लाभस्तु दुर्लभो लोके ॥१०॥**

*અર્થાત્ શું દુર્લભ છે ? મનુષ્ય જન્મ, પુંસ્ત્વ (પુરુષદેહ) અને તેમાં પણ મોક્ષેચ્છા. આ ત્રણેય હોય તો પણ સદ્ગુરુની પ્રાપ્તિ આ લોકમાં અત્યંત દુર્લભ છે.*

ઉપરોક્ત ત્રણે સાથે દુર્લભ એવા સદ્ગુરુ તરીકે પૂ.બાપજીને એમણે પ્રાપ્ત કર્યા હતા, એટલું જ નહીં પણ સાથે સાથે તેમણે શિષ્યત્વ પણ દીપાવ્યું હતું.

ગ્રીક તત્ત્વવેત્તા એરિસ્ટોટલે કહેલું કે, "Man is a rational animal" - મનુષ્ય તર્કનિષ્ઠ પશુ છે. જ્યારે ભારતીય તત્ત્વચિંતકોએ પશુમાં રહેલા આહાર, ભય, નિદ્રા અને મૈથુનથી આગળ વધી તફાવત શોધ્યો કે, મનુષ્યમાં -

**धर्मो हि तेषां अधिको विशेषः ।**

મનુષ્યમાં ધર્મની અધિકતા એ વિશેષ ગુણ રહેલો છે. જેથી મનુષ્યમાં પશુથી જુદો તરવા માટેનો મુદ્દો તર્કનિષ્ઠ કરતાં પણ વધુ ધર્મનિષ્ઠ હોવું તે છે. આમ આ અર્થમાં શ્રીનરહરિદાદા ધર્મનિષ્ઠ મુમુક્ષુ હતા.

**आमरणं किं सेव्यं सच्छास्त्रंश्रस्त्रं सद्‌गुरुस्तथा त्रीशः।**
**प्रथमं ज्ञानप्राप्त्यै, निवृत्यर्थं तु कृतघ्नतायाश्च ॥९॥**

*મરણ પર્યંત શાનું સેવન કરવું ? સત્ શાસ્ત્ર, સદ્‌ગુરુ અને દત્તભગવાનનું. પ્રથમ (શાસ્ત્ર) જ્ઞાનપ્રાપ્તિ માટે, અને (ગુરુ તથા દત્ત) પછી કૃતઘ્નતામાંથી બચવા માટે.*

આ વાતનું પણ તેમણે અક્ષરશઃ પાલન કર્યું છે. ગુરુ તથા ત્રીશની અભેદતાને તેઓ પામેલા હતા.

નિત્ય સેવા, નિત્ય સ્મરણથી કીટ-ભમરન્યાયે :

***કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ,***
***ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ***

(શ્રી ગુ.લી. ૧૦૬/૨)

મુજબ તેમનો દેખાવ પૂ.શ્રીના જેવો જ થઈ ગયો હતો. પૂ.શ્રીએ સહસ્રાર્જુન માટે શ્રીગુરુલીલામૃતમાં 'પ્રતિદત્ત' વિશેષણ પ્રયોજ્યું છે તેમ શ્રીનરહરિદાદા માટે 'પ્રતિરંગ' વિશેષણ પ્રયોજવું અન્વર્થક જ છે.

શ્રીરંગમંદિરમાં પૂજાધિકારી તરીકે તેમનું સ્થાન રંગશરણમાં જ રહેતું જે સ્થૂળ સ્વરૂપે હતું તેમ કહેવાય, જ્યારે હવે તેઓ સૂક્ષ્મરૂપે નિરંતર રંગશરણે સ્થાન પામશે. આમ તેમણે કેવળ સ્થાનફેર જ કર્યો છે.

તેમ છતાં તેમની ખોટ વર્તાવાથી આપણને દુઃખની લાગણી થાય તે સહજ છે.

છેલ્લે તેમની પથારીવશ પરિસ્થિતિ હતી છતાં તેઓના અચાનક રંગશરણ થવાના સમાચાર સાંભળી એક શેર યાદ આવ્યો. એ શેર સાથે હું વિરમીશઃ

**कल तक तो सुना था कि**
**उठा नहीं जा सकता था बिस्तरसे ।**
**ये दुनियासे उठ जाने की**
**हिंमत कहाँसे आ गई ?**

# નિષ્ઠાવાન નરહરિભાઈ

**શ્રી વિશ્વનાથ દેસાઈ**
લીલોડ

શ્રી નરહરિભાઈ પૂજ્ય બાપજીને પગે લાગ્યા ત્યારે બાપજી બોલ્યાઃ ''કેમ હ.ભ.પ.?'' એમના ગયા પછી મેં પૂછ્યું કે બાપજી હ.ભ.પ. એટલે શું ? મને કહે હ એટલે હરિ. ભ. એટલે ભક્તિ અને પ એટલે પરાયણ હ.ભ.પ. એટલે હરિભક્તિ પરાયણ. પછી પૂજ્યશ્રી બોલ્યા કે એણે શ્રીગુરુલીલામૃતના ૧૦૮ પારાયણ સરખેજના દત્ત મંદિરમાં એક જ આસને કર્યા હતા.

એમણે નર્મદા પરિક્રમા કરી હતી. અમદાવાદથી ચાકણકર મહારાજ સાથે ચાલતા નારેશ્વર આવ્યા ત્યારે લીલોડ મારે ત્યાં રાત્રિ મુકામ કરેલો. એ રાત્રે ચાકણકર મહારાજે ભજનકીર્તન કરેલું.

જ્યારે બાપજીનો દિવાબેટમાં ૨૭ દિવસનો પહેલી વારનો મુકામ હતો ત્યારે પૂ.માજીએ બનાવેલી દૂધની ભિક્ષા નરહરિભાઈ લઈ જતા હતા. પૂજ્ય શ્રીના સિદ્ધાંત (વિચારો) પ્રમાણે ચાલવું અને બીજાને તે પ્રમાણે ચાલવાનો આગ્રહ રાખતા. પૂજ્ય બાપજીના બ્રહ્મલીન થયા પછી જ્યારે શ્રીરંગમંદિર બંધાયું ત્યારે પહેલા પૂજારી મુંબઈથી આવેલા. ત્યાર પછી મંગળપ્રસાદ માસ્તર અને ત્યાર પછી પૂજાધિકારીની જગ્યા એમણે સંભાળી હતી.

પૂજાધિકારી થયા તે પહેલાં નારેશ્વર આવ્યા ત્યારે મુ. મોદીકાકા જે કહે તે સેવા કરતા. દા.ત. આયુર્વેદિક દવા આપતા. મુ. મોદીકાકા દવાખાનું ચલાવવાનું કહે તો તેમ પણ કરતા. થોડો વખત હિસાબી કામકાજ સંભાળ્યું અને જ્યારે જરૂર પડી ત્યારે રંગમંદિરમાં પૂજા કરી અને સરખેજના બીજા ચાર બ્રાહ્મણો તૈયાર કર્યા જે આજે રંગમંદિરની પૂજા સંભાળે છે.

પૂજ્ય બાપજીએ સરખેજ ભક્ત મંડળને પાદુકા આપવાની હા કહી ત્યારે પાદુકા લેવા આવેલા મંડળની હાજરીમાં પૂ.શ્રીએ કહ્યું કે નરહરિ! હું તને આ મારું આત્મલિંગ આપું છું. આ વાક્ય વાતે વાતે થોડીવારે ત્રણ વખત બાપજી બોલ્યા હતા. નારેશ્વરમાં મેં પાદુકાપૂજન કરાવ્યું, પછી પાલખીમાં પાદુકાજી પધરાવીને સરખેજથી આવેલા સત્તર (૧૭) બ્રાહ્મણો પદયાત્રા દ્વારા લઈ ગયા હતા.

રંગમંદિર જવામાં સહેજ મોડું થયું એમ જણાય તો નરહરિભાઈ દોડતા જતા હતા. મંદિરમાં બાપજી સાક્ષાત્ બિરાજે છે એમ માનતા અને એ રીતે વ્યવહાર કરતાં.

''તું તો માજીનો ગોર છે'' એવું મને કહેતા. મારું નામ વિશ્વનાથ એટલે 'સર્વં વિષ્ણુમયં જગત્' એવું કહીને હસાવતા એમનો ભોળો, માયાળુ સ્નેહી સ્વભાવ હતો. અમારે ત્યાં દત્તજયંતી વગેરે ઉત્સવમાં આવે ત્યારે બે શબ્દ બોલે તેમાં મારે ને વિશ્વનાથને ઘર જેવો સંબંધ છે એવું કહેતાં. મારું આખું ઘર નારેશ્વર સેવામાં રહેતું હોવાથી તેઓ મને કહેતા કે.

**સહકુટુંબ સહપરિવાર દાસ આમ્હી હે ઘર દાર**

અમદાવાદથી ૧૦ વાગે નારેશ્વર આવ્યા હોય તો પણ તરત જ સ્નાન કરીને મંદિરમાં પહોંચી જતા. એ સામવેદ ભણતા પણ દક્ષિણાની ઈચ્છા રાખતા નહિ. કોઈકવાર તો સત્કાર પણ કરવા દેતા નહિ. એમને શ્વાસે શ્વાસે બાપજીનું સ્મરણ કરતાં હંમેશાં જોયા છે.

પૂ.શ્રીના આવા એકનિષ્ઠ ભક્ત શ્રીનરહરિભાઈને મારા હૃદયના ગુરુદેવ દત્ત સહ વંદન.

**– અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

# પૂજ્ય શ્રીનરહરિકાકા

**શ્રી વિઠ્ઠલભાઈ જ. પાઠક**

નરહરિકાકા એટલે અવધૂતની જૂની પેઢીના સન્નિષ્ઠ અગ્રણી ભક્તોમાંના એક. એમનું સ્મરણ થાય એટલે કડકડિત આચાર અને કડક શિસ્તનું મૂર્તિમંત સ્વરૂપ માનસપટ ઉપર અંકિત થાય.

મહારાષ્ટ્રના રાષ્ટ્રસંત સમર્થ રામદાસ સ્વામી કહે છે,

**''आधि प्रपंच करावा नेटका**
**मग ध्यावे परमार्थ विवेका ।**

જે સંસારની ટેકરી ચઢી શકે તે જ પરમાર્થનો પહાડ પણ સરળતાથી ચઢી શકે. નરહરિકાકાએ જીવનમાં સંસાર અને પરમાર્થ બંને ઉત્તમ રીતે આચરી બતાવ્યાં. કૌટુંબિક ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી અને ઉત્તર જીવનમાં એમણે સપત્નિક અનન્ય શરણાગતિ (Complete Dedication) સદ્‌ગુરુચરણે સ્વીકારી લગભગ પચીસ જેટલાં વર્ષ નારેશ્વરમાં શ્રીરંગમંદિરની સેવામાં ગાળ્યાં. મળસ્કે ત્રણ વાગે ઊઠી સાડાત્રણે નર્મદા સ્નાન માટે જતા જેનો હું સાક્ષી છું. આ ક્રમ જ્યાં સુધી શરીર ચાલ્યું ત્યાં સુધી નિભાવ્યો.

તેઓ સૈદ્ધાંતિક બાબતે જરાય બાંધછોડ ન કરે. નિયમોનું પાલન અત્યંત ચુસ્તપણે કરતા. મારા ગુરુમહારાજને શું ગમશે એ બાબતે હમેશાં જાગૃત અને તત્પર રહેતા. પૂજ્ય બાપજીનું એક વાક્ય તેઓ ઘણીવાર ટાંકતા, ''મારું મિશન એ મોટી વસ્તુ છે'' અને એ સંદર્ભે તેઓ અવધૂતી મિશનના સાચા અર્થમાં 'મિશનરી' હતા. અવધૂતી આનંદનાં કેટલાંક ભજનોના રાગ પૂજ્ય બાપજીએ પોતે બતાવેલા અને તેના મૂળમાં હતો એમનો સુરીલો બુલંદ કંઠ. નારેશ્વરમાં ઉજવાતા ઉત્સવો ખાસ કરીને દત્ત જયંતીના પ્રસંગે પાલખી નીકળે ત્યારે પૂજ્યશ્રી પોતે આગળ મશાલ લઈને ભગવાનના મશાલચી બનતા. એ વાત એમની પાસેથી જાણવા મળેલી. આજે પણ નારેશ્વરના ઉત્સવોમાં મને પ્રસંગોચિત કીર્તન કરવાની પ્રેરણા આપતા.

**''राम ते अधिक रामकर दासा''** એ ન્યાયે એમના ગુણોને બિરદાવવાનો જે આ ઉપક્રમ કર્યો છે તે ઘણા ભક્તો માટે પ્રેરક બની રહેશે. નવી પેઢી માટે દીવાદાંડી બનશે.

# શ્રીનરહરિકાકાને શ્રદ્ધાંજલિ

પરિવારના એ અદના સન્નિષ્ઠ ભક્ત સિધાવી ગયા!
'સંતો'એ 'હરિભક્તિપરાયણ', બિરુદ દુર્લભ પામી ગયા!

ગમશે શું મારા ગુરુવરને, એજ સદા ચિંતવી રહ્યા!
કડકડિત આચાર સ્વયં એ આચરીને સ્થાપી ગયા!

રંગમંદિરે સામવેદના સ્વરો સૂણવા દુર્લભ થયા.
બુલંદ કંઠે બિરુદાવલિનાં, સ્પંદન-સ્મરણો ગુંજી રહ્યાં.

આત્મલિંગ સમ ચરણ પાદુકા, દીધી જેને સદ્ગુરુએ,
બડભાગી સરખે જ થયું ને પોતે પણ સુધન્ય થયા!

પુજા પદ્ધતિ પરંપરા, સરખેજ અને નારેશ્વરમાં,
ખૂબ ખંતને નિષ્ઠાથી, એ જાતે આચારી સ્થાપી ગયા,

ગયા પછી પણ જેને લોકો, પ્રેમભાવથી યાદ કરે
ગયા નથી એ ક્યાંય નરહરિ, લોકહૃદયમાં અમર થયા.

ગુરુ સેવામાં નિજ કાયાને સુખડ સમાણી ઘસી ગયા,
ગુરુ નિષ્ઠાનો ભવ્ય વારસો, ભાવિ પેઢીને દઈ ગયા.

**– વિઠ્ઠલભાઈ પાઠક**
નારેશ્વર

# મિશન સેવારત નરહરિદાદા

**શ્રી સર્વદમનભાઈ દેસાઈ**
(સર્વધર્મકર્મ આચાર્ય નારેશ્વર)

''મારી સેવા કરતાં મારા મિશનની સેવા શ્રેષ્ઠ છે'' આ વાક્ય પરમ પૂજ્ય બાપજીશ્રી પૂ.નરહરિદાદા સામે બોલ્યા ત્યારથી એમણે મનમાં ગાંઠ મારી દીધી કે હવે નારેશ્વર જઈને મિશનની સેવા કરવી.

એમણે ઘર છોડયું, ઘરનાં સ્વજનો છોડ્યાં, વહાલસોયા દીકરા-દીકરી છોડ્યા અને જ્યાં અવધૂતના મિશનની જ્યોત જલતી હતી ત્યાં ઝંપલાવ્યું. નારેશ્વર સ્થાનમાં શ્રીઅવધૂત નિવાસ ટ્રસ્ટની નિશ્રામાં સેવાકાર્ય શરૂ કરી દીધું.

મારે અમુક જ સેવા કરવી છે એવું નહિ. જે સેવા મળે તે સેવા આનંદથી અને કુશળતાથી કરતા. ''કર્મમાં કુશળતા એટલે જ યોગ - યોગઃ કર્મસુ કૌશલમ્'' એ ગીતા વાક્ય એમણે ચરિતાર્થ કરી બતાવ્યું.

શરૂઆતમાં દવાખાનમાં બેસી આદર્શ અવધૂતી વૈદ્ય તરીકે સેવા કરી. જરૂર પડી એટલે ઑફિસમાં બેસી સારા ઑફિસર તરીકે વહીવટ સંભાળ્યો. અભિષેક વિભાગ સુવ્યવસ્થિત બનાવ્યો. ત્યાર પછી રંગમંદિરમાં પૂજા વિભાગમાં - પૂજાધિકારીની જરૂર પડી ત્યારે આદર્શ પૂજાધિકારી તરીકે સેવા આપી. આમ દરેક પ્રકારની સેવા કરતાં - એમનો કદી પણ આગ્રહ રહ્યો જ નહિ કે મને અમુક જ સેવા આપો. કર્તૃવ્યના અહંકાર વિના - મોહ શોક વિના આનંદથી નિરભિમાની થઈ સેવા કરી.

સેવા કાર્ય વિના વેતન - માત્ર ઉપાસનની દૃષ્ટિથી કરતા - આંતર પ્રવાહ હંમેશાં પૂજ્યશ્રી તરફ જ રાખતાં. સવારમાં નિત્ય નર્મદાસ્નાન. રંગમંદિરમાં પૂજા અને ભજનનો આનંદ લેતા. પૂજ્ય બાપુજીનું સતત સ્મરણ કરતા. એમને જોતાં જ પૂ.શ્રીનું મુખ યાદ આવી જાય. એમને બાપજીએ જાણે સારૂપ્ય મુક્તિ આપી હોય એવું લાગે. ક્યારેક દત્તયાગમાં બેસી મુક્ત મને શ્રીસામવેદનું ગાન પણ કરતાં પરંતુ દક્ષિણાની અપેક્ષા વિના 'રાખે તૂ વૈસો હી રહું મૈં'' પૂ.શ્રીના ભજનની એ ઉક્તિ પ્રમાણે સ્થાનમાં મિશનની સેવા કરતાં રહેતાં.

નવી પેઢી સાથે કામ કરવામાં અને જૂની પેઢીના ભક્તો સાથે કામ કરવામાં એક સરખો આનંદ અનુભવતા. કોઈ પણ કાર્ય પાછળ એમનો એક જ ભાવ અને તે ''મારા બાપુજીનું સારું દેખાય'' એ ભાવ. મિશન સામે કોઈ આંગળી ચીંધે એવું કોઈ કાર્ય થવા દીધું નથી.

નારેશ્વર આવ્યા અને સ્થિર થવામાં જે આનંદ હતો તે જ આનંદ શરીર કથળતાં નારેશ્વર છોડતાં પણ દર્શાવ્યો. પૂ. બાપજીની સેવાનો એક સરખો આનંદ જીવનભર અનુભવ્યો.

પૂજા માટે નવોદિત બ્રાહ્મણો પણ તૈયાર કર્યા. અનેકને આ કાર્ય માટે પ્રેરણા આપી. પૂ.શ્રી સાથેના અનેક પ્રસંગો વાગોળતાં. ઘરનાં હોય કે બીજા હોય, બધા એમને પોતાના જ લાગતા. આવા ધર્મનિષ્ઠ-કર્મનિષ્ઠ અઠંગ ભક્ત પૂ.નરહરિદાદાને મારા પ્રણામ.

**– અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

# મારા પિતાશ્રી : મારા દેવ-આદર્શ

શ્રી બિપિનભાઈ ન. ત્રિપાઠી

'પ્રભુ પરખ્યા હૃદે જેણે, જગે ભમતો વૃથા શાને ?' બાપજીના ભજનની આ સંકેત પંક્તિ આપણને સૌને જાગ્રત કરનારી છે. 'પરબ્રહ્મસ્વરૂપ ભગવાન રંગાવધૂત જેને મળ્યા તેને જગતમાં ફરવાની જરૂર નથી.

વાત ફિલસૂફીની નથી પણ મારા પરમ પૂજ્ય પિતાશ્રી અને અવધૂત પરિવારના નરહરિદાદાની છે. આપણા પરિવારના બે ગુણી ગુરુભક્તો ડૉ. શ્રી ઈન્દુભાઈ દવે અને પ્રો. કુલીનભાઈ ઉપાધ્યાય નરહરિદાદા વિષે એક પુસ્તિકા તૈયાર કરી રહ્યા છે અને તેમાં મારે કાંઈક લખવું જોઈએ એવી બંનેની ઈચ્છા સ્વાભાવિક છે. નરહરિદાદાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં સાત માસથી ભળી ગયો છે, પણ તે જે રીતે ગુરુભક્તિમય જીવન જીવ્યા તેની સુગંધ-યાદ પરિવારના દરેક પરિચિત ભક્તોના મનમાં રહેશે.

**'पितृदेवो भव'**ની વૈદિક ઉક્તિ પ્રમાણે તેઓ મારા જન્મથી જ દેવ-આદર્શ હતા અને છે. તેમના નિર્મળ અને હરિ ભક્તિ પરાયણ જીવને અમને ઘડ્યા અને આજે જે પણ કાંઈ છીએ તે તેમની તથા બાપજીની કૃપા પ્રસાદી જ છે.

નરહરિદાદા વિષે પરિવારના ભક્તો તરફથી ઘણી બધી બાબતોનો પ્રસંગોનો ઉલ્લેખ થયો હશે પરંતુ મારી સાથે રહેતાં

મને તેમની જે બાબત સૌથી વધુ સ્પર્શી ગઈ તે તે તેમની દૃઢ મનોબળ વાળી ગુરુભક્તિ. જે અહીં થોડાક પ્રસંગો દ્વારા રજૂ કરું છું.

(૧) ઈ.સ. ૧૯૭૫ની વાત છે. હું તે વખતે રાજકોટ શિક્ષક તરીકે નોકરી કરતો હતો. ત્યાં એક દિવસ એટલે કે કારતક મહિનામાં, જ્યારે ગિરનારની લીલી પરિક્રમા થાય, ત્યારે મારે ઘેર આવ્યા. મને પરિક્રમા અંગે કહ્યું. હું તો સાવ અજાણ. સામાન્ય રીતે આ પરિક્રમા ત્રણ દિવસમાં પૂર્ણ થાય. જેમ અંબાજીની ભાદરવાની પૂનમનું મહત્ત્વ અને ડાકોર-રણછોડરાયનું ફાગણ સુદ-૧૫નું મહત્ત્વ તેવું જ ગિરનારની લીલી પરિક્રમાનું મહત્ત્વ. પિતાશ્રી બહારનું કાંઈ ખાય નહીં. એટલે પ્રવીણાએ સુખડી અને દૂધની પૂરી ત્રણ દિવસ પ્રમાણે કરી આપી. અમે તેમને પગે લાગી, શુભેચ્છા આપી. હજી ગયાને બે દિવસ પણ થયા નથી ત્યાં અમારા મકાન માલિકે નીચેથી બૂમ પાડી -વિપિનભાઈ તમારા પિતાજી આવ્યા છે, નીચે આવો. મેં કહ્યું તે તો ચાર દિવસ પછી આવવાના છે. તેમણે પાછી બૂમ પાડી હું ખોટું નથી કહેતો, તમારા પિતાજી જ છે. નીચે આવી જોઉં છું તો પિતાજી. અમારી આંખમાં આંસુ આવી ગયા. પણ તેઓ પ્રફુલ્લિત હતા. મેં પૂછ્યું પરિક્રમા ના થઈ ? તો કહે કરી લીધી. પણ કેવી રીતે ? તો કહે ‘‘સતત ચાલ્યા કર્યું. દિવસ રાત અને ખાવાનું બાવાઓને આપી દીધું. મને તો બાપજી એ સાથ આપ્યો અને ચાલ્યા કર્યું’’. અમે તેમને literally ઊંચકીને ઉપર લઈ

ગયા. અને ત્રણ દિવસ પાણી ઝાર્યું ત્યારે ગોટલા શમ્યા. મેં પૂછ્યું મોટાઈ (હું આ પ્રમાણે જ બોલાવતો) આમ કેમ કર્યું? શરીરની ચિંતા ના થઈ ? તો હસતા હસતા કહે ''બાપજી સાથે હોય ત્યાં શરીર તે વળી શું ?'' આમ અમદાવાદથી જ બાપજીના આદેશ પ્રમાણે ગિરનાર ગુરુ દત્તાત્રયની લીલી પરિક્રમા કરી અમને પાવન કર્યાં.

(૨) તે પહેલાં ૧૯૬૮માં જ્યારે પોતે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ઊંચા હોદ્દા પરથી નિવૃત્ત થયા ત્યારે પણ હું રાજકોટ હતો. એક દિવસ પોસ્ટકાર્ડ આવ્યું. તેઓ થોડું પણ સચોટ લખતા- ''પૂજ્યશ્રીનો આદેશ છે કે નિવૃત્ત થાઉં પછી, તેમની માફક નર્મદા પરિક્રમા કરવી અને નારેશ્વર સેવા કરવી. પૂજ્યશ્રી બ્રહ્મલીન થયા પછી તરત જ આ બાબત બની. મેં વળતો જવાબ આપ્યો. પૂજ્યશ્રીનો આદેશ શિરમાથા પર ચઢાવું છું. પણ તમે થોડા દિવસ રાજકોટ આવો અને જરૂરી શક્તિની દવા ખાવ પછી વાત. તેઓ આવ્યા. સાથે આનંદી બા પણ આવ્યા. અમારા મનમાં એવું ખરું કે ''નર્મદા પરિક્રમા'' પૂજ્યશ્રીએ તો પગમાં ચપ્પલ-બૂટ નહીં, સાથે વસ્તુ નહીં, પૈસા નહીં, કારણ ભીક્ષા લેવાની, પાકી સાંજે કરવાની વિ. વિ. ઘણી બધી તકલીફ પડશે. અને તેઓ પ્રકૃતિના થોડા કોમળ ખરા એટલે મારા ફૅમિલી ડૉ. મંકોડી સાહેબને કહી રાખ્યું, સાહેબ તમે ના પાડજો. હું ડૉ. ને ત્યાં લઈ ગયો. ડૉ. પણ રમૂજી અને રામાયણ વિ. ધર્મગ્રંથોના વાચક. એમણે કહ્યું, ''તમારી તબિયત જોતા તમે પરિક્રમા ના કરી શકો.'' તો તરત જ ડૉ.ને કહે

‘‘સાહેબ આમાં તબિયતને શું થવાનું છે. જ્યાં ગુરુમહારાજ સાથે હોય તેને કાંઈ અઘરું નથી.’’ ડૉ. તો વિસ્મય પામી ગયા. મને કહે ‘‘વિપિનભાઈ તમારા પિતાશ્રીને નમસ્કાર. એમનું ગુરુ પ્રત્યેનું દૃઢ મનોબળ - શ્રદ્ધાને જોતાં તે કોઈથી પણ નહીં રોકાય.’’ અને પગે લાગ્યા. થોડા દિવસ શક્તિની દવા પી લઈ પ્રયાણ કર્યું. સાથે માતાજીએ પણ જવા હઠ પકડી અને ‘‘મા નર્મદાની અને બાપજીની કૃપાવર્ષાથી અને તેમની સતત અનુભૂતિથી પરિક્રમા નિયમબદ્ધ રીતે પૂરી કરી, નારેશ્વરમાં સ્થિર થયા. પહેલાં ‘‘રુકમામ્બા ઔષધાલયમાં’’ વૈદ્ય તરીકે અને પછી તો પૂજ્યશ્રીના રંગમંદિરમાં પૂજ્યશ્રીના પગમાં - **‘मैं तो बेठा गुरुपद पास चिंता अब काहे ?’** ગુરુની તિતિક્ષાપૂર્વક સેવા-પૂજા - ઉપાસના - ધ્યાન કર્યું અને માતા-પિતા બંનેએ શેષ જીવન રેવાના કિનારે પૂજ્યશ્રીમય વ્યતિત કર્યું.

(૩) ઈ.સ. ૧૯૯૫ના શ્રાવણ-ભાદરવાનો પ્રસંગ છે. શ્રાવણ માસ અમારો પૂજાનો વારો. પ્રતિવર્ષ સરખેજ પિતાશ્રી અને માતાજી આવે. તેમની હાજરીમાં અમે પૂજન અર્ચન કરીએ. આ વર્ષે ભાદરવામાં નારેશ્વરના નેજા હેઠળ સમસ્ત પરિવાર અનુષ્ઠાન-પારાયણ કરવા હરિદ્વાર મુકામે જવાનો હતો. અમે બંનેએ અને પિતાશ્રીએ નામ નોંધાવેલા. પણ બન્યું એવું કે શ્રાવણ વદ અમાસે બાવનીનો ક્રમ કર્યો. વારો નિર્વિઘ્ને પૂર્ણ થયો ને માતાજીની તબિયત એકાએક બગડી. અમારા વાસણાસ્થિત ઘરે ગયા. તબિયત વધારે બગડી- serious જેવા થઈ ગયા. અમે બંનેએ હરિદ્વાર જવાનું cancel કર્યું.

પિતાજીને પણ વિનંતી કરી કે બેનની (માતાજીની) આવી તબિયત છે તો તમે પણ ન જાવ. કાંઈક હા ના થઈ જશે તો ? પિતાજીએ જવાબ આપ્યો 'મને તો બાપજીએ નારેશ્વરથી હરિદ્વાર થઈ બદ્રિનાથ અને કેદારનાથ જવાનો આદેશ આપ્યો છે. હું તો જઈશ.' કાંઈ હા ના થાય તો તમે પુત્ર તરીકે બધું પતાવશો. અમે તો સામાન્ય મનુષ્ય હોવાને દાવે ખીજાયા, અને કહ્યું તમે તો કેવા જડ પતિ છો ? પત્નીની દયા નથી આવતી ? આખી જિંદગી તમારી પાછળ પાછળ ફર્યા છે. તેમનું કાંઈ પોતાનું રાખ્યું નથી. અને આવા અંતઃકાળ સમયે જાત્રાની જીદ પકડી બેઠા છો ? જાવ હું તમને મૂકવા વડોદરા નહીં આવું. હું ખરેખર ના ગયો. પણ તે તો ગયા. હરિદ્વાર લગભગ ૫૦૦ ભક્તો અનુષ્ઠાન પછી બદ્રિનાથ-કેદારનાથ વિ. ચારધામ જવાના હતા. પણ land sliding heavy થતાં ત્યાંની સરકારે રસ્તા બંધ કરી દીધા અને જાહેર કર્યું કે દસબાર દિવસ અથવા તેથી વધારે પણ સમય લાગે. શ્રી ધીરૂભાઈ જોષીએ હૉલમાં ભક્તોને ભેગા કરી જાહેરાત કરી કે આપણે હવે ચારધામ નથી જતા. હવે નારેશ્વર પરત જઈએ છીએ. બધા સંમત થઈ ગયા. માત્ર નરહરિદાદા 'અડગ' રહ્યા. તેમણે તો જાહેર કર્યું કે બધા ભલે પાછા જાય પણ હું તો બાપજીના આદેશ પ્રમાણે ચારધામ કરીને આવીશ. સુરતના કેટલાક ભક્તો અવારનવાર નારેશ્વર જાય અને 'દાદા'માં શ્રદ્ધા. એટલે એ બધા નરહરિદાદા પાસે ગયા અને કહ્યું 'દાદા' અમે તમારી સાથે આવીએ ? તો દાદાએ જવાબ આપ્યો. રોકાવાની તૈયારી હોય તો મને શો વાંધો ? બધાની શ્રદ્ધા-

દાદાની શ્રદ્ધામાં ભળી. બરાબર આઠ દિવસ પછી રસ્તા ખુલ્યા. અને નરહરિદાદાની રાહબરી હેઠળ સુરતના ૨૫ ભક્તો ચારધામ કરી આવ્યા. જ્યાં ત્યાં બધે દાદા માટે સારી વ્યવસ્થા અને ધ્યાન રાખ્યું. પુત્ર તરીકે હું ગયો હોત તો આટલી વ્યવસ્થા ન કરત, પણ ૨૫ પુત્રોએ દાદામાં બાપજીના દર્શન કર્યા. અને યાત્રા નિર્વિઘ્ને પૂરી થઈ. આ બાજુ માતાજીની તબિયત પણ સુધરી ગઈ. બાપજીએ ધાર્યું હતું તે થયું. વાત આટલેથી નથી પતતી. વડોદરા પાછા આવ્યા. લગભગ ભાદરવા વદ અમાસને બે દિવસ બાકી. નારેશ્વરમાં અમાસનું શ્રાદ્ધ 'દાદા જ કરે. સર્વદમન ભાઈ 'દાદા'ને જ બેસાડે. એટલે મને કહે : ચાલો નારેશ્વર મને મૂકી જાવ. વરસાદની ઋતુ કરજણથી નારેશ્વર જતાં વચ્ચે ભૂખી નદી ઉભરાય. રસ્તા બંધ. સામ સામે વાહન આવે. નદીના પટમાં ખૂબ પાણી. સાથે સામાન પાર કરનારા પણ તણાય. હું દાદા અને પાર કરનાર જીવના જોખમે પાર કરી નારેશ્વર પહોંચ્યા. સામાન્ય માણસ ચારધામની યાત્રા કરી એટલો થાક્યો હોય કે આઠ-દસ દિવસ આરામ કરે. પણ નરહરિદાદાનું બાપજીમય જીવન હોવાથી - બાપજીને શું ગમશે અને મારા બાપજી જ - દિવસ રાત થયા કરતું.

લખવા બેસું તો એક સ્વતંત્ર પુસ્તક થાય પણ હું કાંઈ લેખક કે કવિ નથી તેથી એક વાત કહી વિરમીશ.

પિતાજી નોકરી કરતા ત્યારે એક Studioવાળા એ તેમનો ફોટો પાડેલ. તેમનું મોઢું લાંબું, એક દાંત આગળ અને જ્યારથી તેઓ પરિક્રમા કરી નારેશ્વરમાં પૂજ્યશ્રીના સાંનિધ્યમાં

એકલીન થઈ બેસી ગયા ત્યારથી એમની મુખાકૃતિ કીટભ્રમર ન્યાયે' પૂજ્યશ્રી જેવી જ થઈ ગઈ. લાખો ભક્તોને નરહરિદાદામાં - રંગઅવધૂત દાદાના દર્શન થયા અને નરહરિદાદા દ્વારા સાબિત થયું, 'આપ સમાન કરે શિષ્યન કો દેવે પદ નિરબાના'. શ્રી ધીરૂભાઈએ એકવાર જાહેરમાં કહેલું કે ''નરહરિભાઈ પૂજ્યશ્રી જેવા લાગે છે. પણ he is not conscious.'' આ એમની સરળતા હતી. ગુરુને સેવતા સેવતા સેવાઈ ગયા. આજે મારી પાસે એમની નોકરીનો ફોટો છે અને ડૉ. શ્રી ઈન્દુભાઈએ નિત્યદર્શનની પુસ્તિકામાં મૂકેલો પૂજ્યશ્રીનો ફોટો જે ભલભલા થાપ ખાઈ જાય અને કહે કે આ તો નરહરિદાદા છે. 'જો તમે અગાઉથી જાણ ન કરો તો તે પૂજ્યશ્રી નહીં પણ નરહરિદાદા છે એવું ભારપૂર્વક કહેશે. ખરેખર તો તે પૂજ્યશ્રી રંગાવધૂતનો ફોટો જ છે.

આવી ગુરુભક્તિ કળિયુગમાં પણ શક્ય છે. આવી સમર્પણ ભાવના આજના સમયમાં હોઈ શકે છે. અને બાપજી પણ પોતાના શિષ્યને આજના યુગમાં પણ પોતાનું સર્વસ્વ આપી, પોતાના સ્થાને મૂકી શકે છે.

**''गुरु कृपाहि केवलम् शिष्य परम मंगलम्।'' अस्तु**

# પૂ. શ્રીનરહરિકાકા

- **શ્રી નવનીતભાઈ પાઠક**
ગાંધીનગર
- મહાશક્તિપાત યોગના અભ્યાસુ

આદરણીય પૂ. નરહરિદાદાનો પરિચય લગભગ ૬૦ વર્ષ પહેલાં નારેશ્વરમાં સરખેજના ભાવિક ભક્ત તરીકે થયેલો. એ પરિચય ઉત્તરોત્તર વધતો ગયો. મારા પૂ. પિતાશ્રી તેમના મિત્ર હતા. આમ પૂ. પિતાશ્રી રંગશરણ થયા પછી તેઓનો સ્નેહ વધ્યો.

ગાંધીનગર પરિવાર દ્વારા પૂ.શ્રીની શતાબ્દી નિમિત્તે શ્રીગુરુલીલામૃત જ્ઞાન હરીફાઈ યોજવાનું વિચાર્યું. ત્યારે પૂ.નરહરિદાદાને એક અભ્યાસુ તરીકે શ્રી ગુરુલીલામૃતના અધ્યાય ૩૨થી ૩૫ અલર્ક આખ્યાન ઉપર પ્રશ્નોત્તરી તૈયાર કરવા વિનંતી કરી. તેઓશ્રી એ જણાવ્યું કે ''આ વિષય-પ્રશ્નો કાઢવા અને જવાબો તૈયાર કરવા માટે કેળવણી ખાતામાં પ્રોફેસર કે શિક્ષક તરીકે કામ કર્યું હોય તેનો છે. મારું એ કામ નથી.'' વળી તેમણે કામનો અસ્વીકાર કરતા જણાવ્યું કે ''મારી સાથે નારેશ્વરમાં પૂજા વિભાગમાં કામ કરતા શ્રીપ્રમોદભાઈને તમારું બધું કામ સોંપું છું તો તમો પણ તેમને વિનંતી કરશો જેથી તેમને આનંદ થાય. તેઓ ભાવપૂર્વક આ કામ કરશે.'' આ તેઓશ્રીની સરળતા બતાવે છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે "આ અંગેની મારી વિશિષ્ટ દૃષ્ટિ જણાવું છું. આ અધ્યાયો પૂ. બાપજીએ અલર્કને નિમિત્ત બનાવી અષ્ટાંગ યોગનું- કડીબદ્ધ સામાન્ય અભ્યાસી પણ સમજી શકે તેવી રીતે વિવરણ કર્યું છે. આત્મજ્ઞાન થાય ત્યારે શું થાય? ભગવાનનાં દર્શન માત્રથી જ જ્ઞાન થયું અને રાજપાટ છોડી બીજા ભાઈઓની માફક બ્રહ્મજ્ઞાની થઈ જંગલમાં જતો રહ્યો. સુબાહુ અલર્ક - મદાલસાની પ્રવૃત્તિ અને મદાલસાએ આપેલ બોધની અસરકારક ચર્ચા કરી છે. અલર્કે થયેલું જ્ઞાન કેવી રીતે સ્થિર થાય તે દત્ત ભગવાનને પૂછ્યું. આના ઉત્તરમાં અષ્ટાંગ યોગનું મોક્ષના ઉપાય તરીકે - (તત્ત્વજ્ઞાન-મનોજય અને વાસનાનો ક્ષય કેવી રીતે થાય) વર્ણન કર્યું. સાધન ચતુષ્ટ્ય ઉપર ભાર મૂકતાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જઈ શ્રવણ-મનન અને નિદિધ્યાસન દ્વારા આત્મ દર્શન કરવા જણાવ્યું. વળી યોગાભ્યાસનું (ગુણદોષનું) વર્ણન કરી સિદ્ધિઓનું પણ વર્ણન કરી તેનાથી સાવધ રહેવા જણાવ્યું. પૂ. બાપજીએ આપણી (ગુજરાતી ભાષીઓ) ઉપર મહદ્ ઉપકાર કરી સમગ્રજ્ઞાન ગુરુલીલામૃતમાં આપણે માટે મૂક્યું - આપણે માટે તો થાળી પીરસીને તૈયાર કરી આપી છે. આપણે તો બધે ફાંફાં માર્યા સિવાય ગુરુલીલામૃતનું જ્ઞાન સુલીલામૃત જ કરવાનું રહે છે."

હવે પોતે શ્રીગુરુલીલામૃત કરતાં થોડા અલગ પડી પોતે જે સરણી અપનાવી અને જેમાં તેઓ રત હતા તે જણાવતાં લખ્યું કે " પૂ. બાપજી અને પૂ. સ્વામી મહારાજે આત્મજ્ઞાન અષ્ટાંગ યોગ દ્વારા પ્રાપ્ત કરવાનું લખ્યું છે **પણ** બીજો રસ્તો

**મહાશક્તિપાત યોગનો** છે. આ પંથ નવનાથ પંથીઓ એ સ્વીકારી સિદ્ધ થયા છે. પૂ. બાપજીએ તો **અંતરગત આ યોગ જ અપનાવ્યો છે.** પણ **તેમાં લાયકાત મેળવ્યા વગર બધા જ લોકો શક્તિપાત કરાવી ગાંડા** ન થાય માટે તેમણે બધું **છુંપું** રાખ્યું છે. છતાં કેટલીક જગ્યાએ તેમણે (પૂ.શ્રીએ) નિર્દેશ કર્યો છે. **શક્તિપાત વગર** (કુંડલિની જાગૃત થયા સિવાય) **આ ક્ષેત્રમાં પ્રગતિ થઈ શકતી નથી. તેના માટે પાઠ, પારાયણ, જપ, તપ, ભજન કામયાબ નીવડતું નથી.** ત્યારે કુંડલિની જાગૃત કરવા શું કરવું ? પૂ. બાપજીએ લખ્યું છે કે યોગ કરવા છતાં પણ કુંડલિની જાગૃત ન થાય તો ફરી ફરી યોગ કરવો પડે. અને કદાચ અટવાઈ પણ જવાય. **અને ધ્યેય પ્રાપ્તિ શક્ય ન બને.** તો કુંડલિની જાગૃત કરવા **જો સદ્‌ગુરુ કૃપા કરે, દૃષ્ટિપાત સંકલ્પ, સ્પર્શ કરે તો કુંડલિની જાગૃત થાય છે.** આ માટે ગુરુશુશ્રુષા - ગુરુપસત્તી ની ખાસ જરૂર છે.''

આ જ વાતની પુષ્ટિ માટે મુ. નરહરિદાદાએ ઉદાહરણો આપ્યાં છે.

૧. પૂ. બાપજીનો આઠ વર્ષની ઉંમરે પૂ. સ્વામી મહારાજનો **સ્પર્શ** - ''આમચા મુલગા''. અને આથી જ પૂ. બાપજીની આધ્યાત્મિક ગતિ થઈ. જેનું ઉદાહરણ પૂ. શ્રીએ શ્રી ગુરુલીલામૃતના પ્રારંભમાં 'મૂલાધારે તું વસે'થી આપ્યું છે.
૨. કાર્તવીર્ય (અર્જુન)ને અષ્ટાંગ યોગ સમજાવ્યા છતાં તેની ગતિ થઈ ન હતી. અને શ્રી દત્ત ભગવાને 'મૂકે શિર પર કર મુદા' હસ્ત મૂક્યો અને સમાધિ લાગી.

૩. અલર્ક - દત્ત ભગવાન પાસે આવ્યો અને ભગવાને **'દઈ ડામ સીધું કરું'** આ **ડામ એ શક્તિપાત** ના અર્થમાં છે. પૂ. બાપજીની આ સમાધિ ભાષા છે.

૪. પૂ. સ્વામી મહારાજે અન્નપૂર્ણામાતાને ગંગાના માધ્યમથી આત્મજ્ઞાન આપ્યું. આત્મા એ દેહ, પ્રાણ, મન બુદ્ધિ, ઈંદ્રિયો, ચિત્ત, અહંકાર કે શૂન્ય પણ નથી પણ નિરાકાર અને સાક્ષીરૂપે છે. આ બધું સમજાવ્યા પછીથી **છેવટે દૃષ્ટિપાત** થી શક્તિપાત કરતાં તેમને જ્ઞાન થયું અને 'મીં ગેલે ચમકૂન હોતા જ્ઞાન' ગાઈને પ્રતીતિ કરાવી.

૫. સોહિરોબાની વાતમાં પણ સંતે **મસ્તક હલાવી** શક્તિ જાગૃત કરી. સોહીરોબા સંત થયા. તેમના અભંગો જાણીતા છે.

અંતમાં તેઓશ્રી એ સ્પષ્ટતા કરતાં (મુ. નરહરિદાદાએ) જણાવ્યું કે ''આમ શક્તિપાન એ આત્મજ્ઞાન, આત્મદર્શન, સાધનનો એક મહાયોગ છે. આ મારું દૃષ્ટિબિંદુ છે અને હું **એ રીતે તે દિશામાં સાધન** કરું છું.''

આમ આપણને પૂ. નરહરિદાદાએ તેઓએ જે માર્ગ અપનાવ્યો તે સમજાવી તે આવશ્યક છે તેમ જણાવી તેની શ્રેષ્ઠતા પણ પુરવાર કરી બતાવી.

આવા સંતપુરુષ કે જેમને ઘણા અવધૂત દૃષ્ટિએ જ જોતા, જેમને પૂ. બાપજીએ પ્રેમથી આત્મલિંગ (પાદુકાની) આપ્યું, જેમને કીર્તન કરવા પણ આજ્ઞા આપી અને સ્નેહથી 'હરિ ભક્તિ પરાયણ' હ. ભ.પ.નુ બિરુદ આપ્યું તેવા પૂ. નરહરિદાદાને મારાં - આપણાં - સર્વનાં સ્નેહથી સાદર વંદન.

# સંત-સ્મરણાંજલિઃ

## શ્રી ભરતકુમાર ચેતરામ સામરિયા

પૂજ્ય શ્રી નરહરિદાદા એક ઉચ્ચ કોટીના સંતની જેમ જીવન જીવતા હોવાથી પ.પૂ. શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ પણ તેમને સંતો કહીને બોલાવતા હતા અને તેથી જ તેમને હરિભક્તિપરાયણનો ઈલ્કાબ પણ આપ્યો હતો. નોકરીમાંથી નિવૃત્ત થયા પછી તેમણે તેમનું સમગ્ર જીવન નારેશ્વર સ્થાનમાં રહીને પ.પૂ.શ્રી બાપજીની સેવામાં ગુજાર્યું હોવાથી જ પ.પૂ.શ્રી બાપજીનું સ્વરૂપ પણ તેમને મળ્યું હોય તેવો ભાસ દરેક ગુરુભક્તને હંમેશ થયા કરતો હતો. તેઓશ્રી જ્યારે પણ સ્થાનમાં હોય ત્યારે પ.પૂ.બાપજીની જેમ જ, નારેશ્વર આવતા દરેક ગુરુભક્તને તેઓ પ્રેમથી બોલાવતા અને મીઠો આવકાર આપતા હતા અને ભક્તોના દુઃખ-દર્દ સાંભળી તેમને આશ્વાસન આપી હંમેશ પ.પૂ.શ્રી બાપજીમાં શ્રદ્ધા, અતૂટ શ્રદ્ધા રાખવાનું જણાવતા હતા. આ પ.પૂ.શ્રી ગુરુમહારાજની પરંપરા તેઓશ્રીએ જીવનપર્યંત જાળવી રાખી હતી અને આ જ કારણથી ક્યારેય પણ તેમના મુખ ઉપર ગુસ્સા કે આવેગના ભાવ જોવા મળતા નહીં અને કાયમ તેમનો હસતો ચહેરો જ જોવા મળતો હતો અને ખૂબ જ નિખાલસ અને સરળ સ્વભાવના તેઓશ્રી હતા.

નિવૃત્ત થયા પછી જ્યારે તેમણે માતા નર્મદાજીની પરિક્રમા કરી ત્યારે પણ હરપળે પ.પૂ.શ્રી બાપજી તેમની સાથે અને સાથે રહેતા હોય અને હરહંમેશા તેમની આગળ જ હોય તેવો તેમને ભાસ થયા કરતો હતો. આ વાત તેમના સ્વમુખે તેમણે જણાવી છે. પરિક્રમા દરમિયાન તેઓ જ્યારે પણ રસ્તો ભૂલી જાય ત્યારે ''શ્રી ગુરુદેવ દત્ત''ની જ્યાં ગર્જના કરે ત્યાં જ કોઈને કોઈ સ્વરૂપે પ.પૂ.શ્રી ગુરુમહારાજ તેમને રસ્તો બતાવવા સ્વયં હાજર થતા હોય તેવા પરચા અવારનવાર બનેલા જે પણ તેમના સ્વમુખે સાંભળવા મળ્યા છે.

સરખેજ દત્ત મંદિરમાં પ.પૂ.શ્રી ગુરુમહારાજના આત્મસ્વરૂપ આત્મલિંગરૂપ પાદુકાજી હાલમાં જે દર્શનાર્થે રાખ્યા છે તે પણ પૂ. શ્રી નરહરિદાદાના પ્રતાપે જ સરખેજને મળેલ છે અને તેનો બધો યશ પૂ.શ્રી નરહરિદાદાને જ આપવો પડે તેમ છે અને જ્યારે પ.પૂ.શ્રી ગુરુમહારાજે પાદુકાજી નરહરિદાદાને આપ્યા ત્યારે પ.પૂ.શ્રી ગુરુમહારાજે તેઓશ્રીને સ્વમુખે કહેલ કે : ''નરહરિ ! આ પાદુકાજી હું તને આપું છું, આત્મલિંગ સ્વરૂપે તને આપું છું.'' આમ પ.પૂ.શ્રી બાપજીની પાદુકાજી જો સરખેજને મળી હોય તો તેનો મોટાભાગનો યશ પૂ. શ્રી નરહરિદાદાને આપવો પડે. તેઓશ્રીએ સરખેજ દત્ત મંદિરમાં પ્રમુખ તરીકે પણ પ્રશંસનીય સેવા આપેલ છે.

# ઋષિસમા પૂ. નરહરિકાકાની યાદમાં

**પ્રા. અંજની કુ. ઉપાધ્યાય**
અમદાવાદ

પાવના દત્તા પતિત પાવના દત્તા, (૨)
પાવના દત્તા, પતિત પાવના દત્તા. (૨)...

જ્યારે જ્યારે આ ધૂન ગાઉં ત્યારે હંમેશાં મારી નજર સમક્ષ પૂ. નરહરિકાકાનો ચહેરો ખડો થઈ જાય છે. પૂ. પ્રેમ અવધૂતજી અમારા જીવનમાં આવ્યા એ પહેલાં પૂ. નરહરિકાકાને મેં જોયા હતા. પ.પૂ. સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂતજીની પ્રતિછાયારૂપ ‘કાકા’ મને પ્રાચીન ઋષિધર્મ બજાવતા - આશ્રમકાળના સંત જણાયા હતા.

શ્રીરંગ મંદિરમાં એ પૂજા કરતા હોય કે મળસ્કે નદીથી સ્નાન કરીને હાથમાં ફૂલપાત્ર લઈને આવતા હોય, એ નયનરમ્ય દૃશ્ય હું ક્યારેય ભૂલી શકીશ નહીં.

એમની આચારશુદ્ધિ અને એમનો શિસ્તનો આગ્રહ તો રંગપરિવારમાં જગજાહેર છે. એક નાનકડો પ્રસંગ મારા સ્મરણપટ પર અકબંધ છે.

સને ૧૯૯૦ની ૧૩મી સપ્ટેમ્બરનો દિવસ. પૂ. પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતી અંબાજીમાં ઉજવાઈ. એમાં હાજર રહી તેઓ ડૉ. ઈન્દુભાઈ દવેની કારમાં અમદાવાદ પાછા ફરતા હતા. સદ્‌નસીબે હું પણ એ જ કારમાં અમદાવાદ

પાછી આવતી હતી. આગળ સ્નેહીશ્રી ઈન્દુભાઈ અને પૂ. કાકા અને પાછળ હું બેઠી હતી. ઘરની બહાર પ્રવાસમાં નીકળેલા પૂ. કાકા કશું ખાય નહીં. કદાચ પાણી પણ નહોતા લેતા. છેક ગાંધીનગર આવ્યું ત્યારે ફ્રૂટની એક લારી પાસે ગાડી ઊભી રાખી. ડૉ. ઈન્દુભાઈએ થોડાંક ફળો લીધાં. વૉટરબેગના પાણીથી ધોઈ એમના હાથમાં આપ્યા. આમ છતાં એમાંથી એમણે એકાદ ફળ જ ખાધું. મને થયું કે શું આ સંયમની અને આચારશુદ્ધિની પરાકાષ્ઠા ન કહેવાય ?

મારા જીવનના પાવનતમ પ્રસંગો બે. એક હરિદ્વારની ડૉ. ઈન્દુભાઈ આયોજિત પદયાત્રામાં સામેલ થઈ પ.પૂ. બાપજીની નિર્વાણતિથિએ હરિદ્વારમાં નિર્વાણખંડમાં ઉતારેલી આરતી અને બીજો પૂ. નરહરિકાકાના દેહવિલય પહેલાંના સાતેક દિવસ પહેલાંના સ્પર્શ-દર્શન.

જન્માષ્ટમીના ઉત્સવ પછી એક દિવસ બ્રાહ્મમુહૂર્તમાં વિચાર ઝબક્યો કે પૂ. નરહરિકાકાના દર્શને જઈ આવું. પરંતુ વિચારને વિચાર જ રાખ્યો. તબિયત પણ સાથ આપે એવી ન હતી. એ જ દિવસે બપોરે ચાર વાગે કુલીને (મારા પતિશ્રી) કહ્યું કે હું સરખેજ નરહરિકાકાની ખબર જોવા જવા વિચારું છું. મેં એમને મારો વિચાર કહ્યો. એણે કહ્યું કે હવે તો સરખેજના રસ્તા ઘણા સારા થઈ ગયા છે. ધીમેધીમે કાર ચલાવીશ. એટલે તકલીફ નહીં પડે. અમે બંને ખબર કાઢવા ગયા. કુલીને શ્રીગુરુલીલામૃતના ગદ્યાંતરનો પહેલો ભાગ

ભેટમાં ધર્યો. એમણે જોયો. આનંદ અનુભવ્યો. એ પ્રસંગે એમના શરીરે હાથ ફેરવવાનો મને મંગલ મોકો મળ્યો. એમના પ્રેમાળ સદ્‌ભાવને ઝીલવાની તક સાંપડી. એ મારા જીવનની ધન્યતમ ઘડી હતી.

મારો અવાજ એમને ખૂબ ગમતો. ''તમારો અવાજ હજી એવો ને એવો જ છે.'' એવું એકવાર કહીને મારામાં ઉત્સાહ અને ચાનકનો ધોધ વહાવ્યો હતો.

અમારા પ્રત્યેનો એમનો ઊંચો પ્રેમભાવ જ કુલીનને આ સંત સ્મરણાંજલિનું સંપાદન કરવા પ્રેરી ગયો છે એમ દૃઢપણે માનું છું.

આવા અવધૂતના અઠંગ અને એકનિષ્ઠ ભક્તોના ચરણમાં શતશઃ પ્રણામ.

**– અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

# પૂ. નરહરિકાકાનો અમૃત ઉત્સવ

**સ્વ. શ્રી ઈશ્વરભાઈ ચ. પટેલ**
અમદાવાદ

પૂ. નરહરિકાકા સાથે મારો સંબંધ વિશિષ્ટ પ્રકારનો. બાપજીના દર્શન ધર્મજમાં કર્યા પછી સૌ પ્રથમ રંગભક્તના મિલન તરીકે હું પૂ. નરહરિકાકાને મળ્યો. એમણે મને શ્રીગુરુલીલામૃત વાંચવા આપ્યું અને મળતા રહેજો એવું કહ્યું. આ મુલાકાત અમદાવાદ મ્યુનિ. કોર્પો.ની ઑફિસમાં થયેલી.

પૂ.શ્રી સાથેનો મારો નાતો ગાઢ થતાં સ્વાભાવિકપણે જ પૂ. નરહરિકાકા પ્રત્યેનો સદ્ભાવ વધતો ગયો. એમની નિષ્ઠા અને શિસ્તનો આગ્રહ આકર્ષણ ઊભું કરે તેવા. એમને જોતાં જ પ્રાચીન ઋષિ યાદ આવી જાય. બ્રાહ્મણ ખરા પણ લોભી નહીં એ એમની વિશિષ્ટતા.

અમારા નારણપુરા તરફ એમની પક્ષપાતભરી લાગણી. કુલીનભાઈને કારણે એવા કાર્યક્રમો ગોઠવાય કે જેમાં એમને મળવા જવાનું ગોઠવાય અને કલાક-બે કલાકની વાતો થાય. એ પણ દિલ ખોલીને મુક્ત મને વાતો કરે.

સને ૧૯૮૭નું વર્ષ એ એમનું અમૃતવર્ષ - ૭૫મું વર્ષ ચાલે. કુલીનભાઈએ પ્રસ્તાવ મૂક્યો અને બધાએ અનુમોદન આપ્યું એટલે મધુજીવન સોસાયટીમાં અમૃતવર્ષની ઉજવણી કરવાનું નક્કી કર્યું.

પૂ. બાલઅવધૂતજીને વાત કરી. એમણે આ પ્રસંગે આવવાનું સ્વીકાર્યું. કાર્યક્રમ શનિવારે હતો અને પૂ. બાલઅવધૂતજી ગુરુવારે મુંબઈ જવાના હતા છતાં આ કાર્યક્રમ પૂરતું શનિવારે પાછા આવી જવાના હતાં. અમારા તરફ એમની પણ લાગણી ઊંચી.

અમે બધા નાના અને ઉગતા ભક્તો. પરંતુ મહાનુભાવ ગણાતા સજ્જનોની કૃપાદૃષ્ટિ ભારે. આવી લાગણીને કોઈકની નજર લાગી ગઈ ને ‘સારા કામમાં સો વિઘ્નો’ કહેવત અનુસાર પૂ. બાલઅવધૂતજીએ આવવાની ના કહી અને તેથી પૂ. નરહરિકાકાએ પણ કાર્યક્રમ રદ કરવા સૂચવ્યું પરંતુ પ.પૂ. રંગબાપજીની કૃપાદૃષ્ટિથી અને પૂ. ભાલભાઈની ભલી લાગણીથી કાર્યક્રમ થયો અને સારી રીતે સંપન્ન થયો. આ ઘેરાયેલા વાદળને વિખેરવાનો યશ એકમાત્ર કુલીનભાઈને જ આપવો રહ્યો.

પૂ. નરહરિકાકાના આ કાર્યક્રમને ઉજવવા પાછળ અમારો આશય અમારી જાતને ધન્ય બનાવવાનો હતો. એમને પણ અમારી કાર્યપદ્ધતિ પ્રત્યે પૂરો સંતોષ. કુલીનભાઈ અને ઈશ્વરભાઈ હોય એટલે ખોટું કરે જ નહીં એવી પૂરી ખાતરી. અમે પણ એમનું માર્ગદર્શન મેળવીને બધું ગોઠવીએ.

અમૃત ઉત્સવના કાર્યમાં ઘણા ભક્તો ઉપસ્થિત રહ્યા. પૂ. બાલઅવધૂતજીએ પણ મોકળા મનથી આશીર્વચન આપ્યા અને પૂ. નરહરિકાકાએ પણ પોતાના ભાવો વ્યક્ત કર્યા.

પૂ. નરહરિકાકાના જવાથી ઘણાને ઘણું ગુમાવ્યાનો અહેસાસ થયો છે. અમારી સ્થિતિ તો કહેવાય નહીં, સહેવાય નહીં અને કહ્યા વિના રહેવાય નહીં એવી છે.

પરંતુ **"જેને પોતાનાં સ્વજનો યાદ કરે છે તેને મરેલો કોણ કહેશે ?"** એ ઉક્તિ અનુસાર અમારે માટે તો પૂ. નરહરિકાકા હજી પણ જીવંત જ છે. એમનાં ચરણોમાં સા. દં. પ્રણામ કરીને વિરમું છું.

અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત !

(નોંધ : ઈશ્વરભાઈએ લખેલો લેખ છપાય તે
પહેલાં જ એઓ દિવંગત બન્યા.)

# પૂ. નરહરિકાકા : અવધૂતી ખુમારીનું જીવંત પ્રતીક

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ એવા સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત મહારાજના મેં એક જ વાર દર્શન કર્યા છે અને તેને દર્શન કહેવા કરતાં દર્શનની ઝાંખી કહેવી વધુ યોગ્ય ગણાય. સને ૧૯૭૯ પછી હું રંગ તરફ વળ્યો અને પછી રંગ પરિવાર તરફ ઢળ્યો. પરંતુ સદ્‌નસીબે ખૂબ ઝડપથી મને પૂ. બાપજીના એકનિષ્ઠ ભક્તોનો સંપર્ક થવા માંડ્યો, એમનો સહવાસ મળવા લાગ્યો અને પછી તો જાણે મારા ઉપર કૃપા કરતા હોય એવું વહાલ પણ વરસાવા લાગ્યા. આવા એકનિષ્ઠ ભક્તોમાં પૂ. નરહરિકાકાનું સ્થાન ઘણું મોખરે છે.

અવધૂતી ખુમારીનો તેજસ્વી તારલો એટલે પૂ. નરહરિકાકા. એમનું બાહ્ય સ્વરૂપ જ આકર્ષક ને પ્રભાવિત કરે તેવું. નર્મદાસ્નાન કરીને હાથમાં કમંડળ લઈને આવતા હોય ત્યારે એ મને ઋષિ જેવા લાગે. પ.પૂ. બાપજીની સેવા કરતા હોય કે સેવા કરીને બહાર નીકળતા હોય પરંતુ એ પ્રભાવક વ્યક્તિત્વ જ વાતાવરણને મહેકતું કરે છે.

શિસ્ત અને ખુમારી મને અને ઈન્દુભાઈને ગમે. એટલે પૂ. નરહરિકાકા અમારા આદર્શ પુરુષ. એમને પણ અમારા બંને પ્રત્યે ઊંચો ભાવ. અમે પૂ. બાપજીના કાર્યક્રમો કરીએ તે એમને ગમે. એમની નજર બહાર કોઈ પ્રવૃત્તિ રહેતી નહીં.

હું નારેશ્વર જઉં અને પૂ. કાકાને પગે લાગું એટલે મોં મલકાવી એવું કહે કે, પૂ. બાપજીને ભજન સંભળાવજો. તમારા ભજનો એમને ગમે છે. હું પાછું પૂછું પણ ખરો કે, કાકા! તમને કેવી રીતે ખબર પડે ? અને કાકા કહે પણ ખરા કે એ તો પૂ. બાપજી હસે તો ખબર ન પડે ?

કશું પણ ખોટું થતું હોય ત્યારે એ ખોટું કરનારો ગમે તેવો ચમરબંધી કેમ ના હોય ? પૂ. નરહરિકાકા એ ખોટું થતું રોકે જ. એ પછી કાર્ય અટકી જાય. શંકરાચાર્ય કક્ષાની વ્યક્તિ હોય કે સ્થાનની મોટી વ્યક્તિ હોય પણ ખોટી વાતને પડકારવામાં પૂ. નરહરિકાકાની તોલે કોઈ ના આવે. એમની આવી ખુમારી મને અને ડૉ. ઈન્દુભાઈને હૃદયથી સ્પર્શી ગયેલી. એમના નિધન પછી મારે તરત પુના જવાનું થયું. ત્યાં એમને અંજલિ આપતી પુસ્તિકા પ્રકાશિત કરવાનો વિચાર આવ્યો. ઈન્દુભાઈ તો પડખે હોય જ. પરંતુ ઝબકેલા વિચારને મૂર્તસ્વરૂપ આપવામાં વિલંબ થયો. એ વિલંબ માટે દેવ અને દૈવ બે જવાબદાર. આ વિલંબના વિઘ્નને કારણે બે લેખકના નામ આગળ સ્વર્ગસ્થ શબ્દ મૂકવો પડ્યો છે. પણ જે થયું તે સારા માટે.

પૂ. નરહરિકાકા હતા ત્યારે એમનું વ્યક્તિત્વ આખા નારેશ્વરના વાતારવણને ભરી દેતું હતું. આજે એમની ગેરહાજરી સાલે છે. જેણે પ.પૂ. બાપજીને નથી જોયા તે તો પૂ. નરહરિકાકાને જોઈને જ ત્રિરાશી માંડે છે કે જો પૂ. નરહરિકાકા આવા તો પ.પૂ. બાપજી કેવા ?

એમને વંદન કરીને ગુરુમહારાજને એટલું જ પ્રાર્થું કે એ અવધૂતી ખુમારીનો એક તણખો અમારામાં પાડજો.

# ''પૂ. નરહરિ દાદા'' મારી દૃષ્ટિએ

શ્રી અમિત અનિલભાઈ ત્રિવેદી

મારું વ્યક્તિગત માનવું છે કે, ''સંસ્કાર વર્તનથી આવે, અપાય શબ્દોથી નહીં.'' સર્વેના પૂ. નરહરિદાદા પરંતુ મારા તો ''દાદાજી''. તેઓએ સંત જેવું જીવન જીવીને, અન્યને સારું જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી છે.

તેમના વ્યક્તિત્વ વિશે એટલું જરૂર કહીશ કે, જે જુએ કે તેમને મળે તે દરેકને એવું લાગે કે, ''નરહરિ દાદા મારા જ છે.''

બહુ ઓછા લોકો હશે જેને પૂ. દાદાજીની સેવા કરવાનો લ્હાવો મળ્યો હશે. આ બાબતે હું મારી જાતને ખૂબ નસીબદાર ગણું છું. મેં પૂ. નરહરિદાદાને તેમની જીવન સફરના છેલ્લા દિવસોમાં ખૂબ જ નજીકથી જોયા છે, જાણ્યા છે, એવું કહીશ કે, ''તેમને માણ્યા છે.'' આ સમય દરમિયાન પૂ. નરહરિદાદા સાથે રહીને તેમની વધુ નજીક જવાની તક મળી છે અને મેં જે અનુભવ્યું છે તે હું વ્યક્ત કરવા પ્રયત્ન કરું છું. આમાં ક્યાંય અતિશયોક્તિ નથી.

**સંપૂર્ણ શ્રદ્ધા :** પૂ. દાદાજી સંપૂર્ણપણે અવધૂતમય હતા. મારા અનુભવે કહી શકું તેમ છું કે, પૂ. દાદાજી આખા જીવન દરમિયાન એક પળ માટે પણ પૂ. બાપજીથી અલગ થયા જ નથી. ઘણી વખત આપણી સાથે વાત કરતા કરતા પણ પૂ. બાપજીમાં તેઓ ખોવાઈ જતા.

આજના જમાનામાં મોટાભાગની વ્યક્તિઓમાં ક્યારેક તો શ્રદ્ધા ડગી જ હોય છે. (જેમ કે, ભગવાન મારી ઈચ્છા પૂરી કરશે કે નહી ? અથવા ભગવાન ખરેખર સાંભળે છે કે નહીં ? વગેરે...) પરંતુ પૂ. નરહરિદાદાની બાપજી પ્રત્યેની શ્રદ્ધા વિપરીત પરિસ્થિતિમાં પણ એક પળ માટે ડગી નથી. એના ઘણા જ દાખલા આપી શકાય તેમ છે. પરંતુ એક મુખ્ય દાખલો આપીશ, જે બહુ વર્ષો પહેલાની વાત છે.

પૂ. બાપજીએ પૂ. નરહરિદાદાને કહ્યું કે, ‘‘ભક્તિના (પૂ. નરહરિદાદાની સૌથી મોટી દીકરી) લગ્ન માટે હવે જે પ્રથમ માગું આવે તેમને ‘‘હા’’ પાડી દેજે. પ્રથમ જે માંગુ આવ્યું તે દરેક બાબતે વિપરીત હતું. ભણતર, દેખાવ, ઘરના સભ્યોના સ્વભાવ અને મુખ્ય વ્યક્તિ બિલકુલ અજાણ્યા, બહારગામથી. (ત્યાર સુધી ગામની એકપણ દીકરીને બહારગામ પરણાવી ન હતી). પરંતુ પૂ. નરહરિદાદાની પૂ. બાપજીમાં સંપૂર્ણ શ્રદ્ધા કે, પૂ. બાપજીએ કહ્યું છે માટે ‘‘હા’’ જ પાડવાની અને પૂ. દાદાજીએ ‘‘હા’’ પાડી દીધી. આવી હતી. પૂ. બાપજી પ્રત્યે તેમની સંપૂર્ણ શ્રદ્ધા. પૂ. બાપજી જે કહે, જે બોલે તેમાં એક પળ માટે શંકા ના લાવે.

**જવાબદારીથી ભાગ્યા નથી :**

આ બાબતે બે પ્રકારના અનુભવો કહીશ :

❖ વર્ષોથી મેં જોયું છે કે, જ્યારે જ્યારે અમે લોકો નારેશ્વર જતા ત્યારે પૂ. દાદાજી આંખના ઈશારે - સ્મિત સાથે બાને પૂછી લેતા ''ભાણિયાઓને કાંઈ આપ્યું છે કે નહીં ?''

❖ છેલ્લા દિવસોના અનુભવો વિશે લખું તો દરરોજ સવાર-સાંજ તેમના જમવાના સમયે પ્રથમ પૂછતા કે, ''તારી બા જમી કે નહીં ?''

❖ પોતાની દવાના ખર્ચનો ભાર ભાણિયા ઉપર તો નથી ને ? તે જાણવા સતત પ્રયત્નશીલ રહેતા.

**હંમેશાં અન્યની ખુશી જોતા :**

અન્ય લોકોની ખુશી માટે તેઓ પોતાની ખુશી, આરામ, ''અહમ્'' સુદ્ધા છોડી શકતા હતા.

❖ પૂ. દાદાજીએ આખી જિંદગી અમારા ઘરનું (એટલે કે, દીકરીના ઘરનું) પાણી નહોતું પીધું, પરંતુ અમારા પૂ. બાની તીવ્ર ઈચ્છા કે, ''ભક્તિના ઘરે રહેવા જેવું છે.'' તો બાની ખુશી ખાતર પોતાનો જીવનનો નિયમ પણ તોડવા તૈયાર થઈ ગયા. (જો કે મારા અનુભવે કહું તો તે બાબતનું તેઓને દુઃખ થતું હતું પણ ક્યારેય વ્યક્ત નહોતા કરતા).

❖ મારો ભત્રીજો કૉમ્પ્યૂટરની વાત કરે કે મારી દીકરી એની સ્કૂલના પ્રોગ્રામની વાત કરે ત્યારે બાળકોની ખુશી જાળવવા તેમની વાતો સાંભળતા અને ખુશી વ્યક્ત કરતા.

❖ શારીરિક રીતે તકલીફ હતી તેથી તે સતત બેસી નહોતા શકતા છતાં કોઈ ભક્તિભાવથી મળવા આવ્યું હોય તો સામેવાળાની ખુશી ખાતર તેઓ બેસતા.

**"સાદગી"** તેઓશ્રીનો જીવનમંત્ર હતો :

નાનપણથી મેં સાંભળ્યું છે કે, "સુખી થવું હોય તો "ચાલશે", "ફાવશે", "ભાવશે"નો નિયમ અપનાવો. પૂ. નરહરિદાદાએ આ નિયમ જીવનમાં ખરેખર અપનાવ્યો હતો. જે સ્થિતિ, પરિસ્થિતિમાં ભગવાન રાખે તે સ્થિતિમાં તે રહેવા તૈયાર જ હતા.

❖ જમવામાં તેઓ દૂધ, ભાખરી તથા અમુક જ શાક ખાતા હતા, પરંતુ આ ભોજનની સાથે ઘરની ગૃહિણીઓએ કોઈ વધારાની વાનગી પીરસી હોય તો તેઓનું દિલ રાખવા સહેજ ચાખતા.

❖ નારેશ્વરમાં તેઓશ્રીએ જે પવિત્ર જીવન ગાળ્યું તે સંપૂર્ણ પવિત્રતા અમારા ઘરમાં પ્રયત્ન છતાં શક્ય ન હતી. છતાં એમના ચહેરા પર કે વ્યવહારમાં "નથી ગમતું" એવો ભાવ ક્યારેય વર્તાવા નથી દીધો. ક્યારેક અમે તેઓને જોઈને રોઈ પડતા. (ક્યાં એમનું નારેશ્વરનું જીવન અને ક્યાં અત્યારનું). પરંતુ તેઓશ્રીએ તો હંમેશાં સ્મિત જ વેર્યું છે.

❖ શરૂઆતના ૨-૩ દિવસ ''દીકરીના ઘરનું ખાવાનું'' એવો ભાવ જાગ્યો હતો પણ તેમનામાં એટલી સરળતા હતી કે ઝડપથી તેઓશ્રીએ વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી.

**જેટલા મહાન, તેટલા જ નમ્ર :**

❖ તેમના અમુક ભક્તોએ પૂ. નરહરિદાદાને ભગવાનનો દરજ્જો આપ્યો હતો. તે આવનાર દરેક વ્યક્તિને એક જ ભાવથી જોતા હતા. ક્યારેય એવું નથી લાગ્યું કે કોઈ તેમને વધારે કે ઓછું પસંદ કરે છે. બધા માટે પુષ્કળ લાગણી હતી.

**ભાવવિભોર :**

પૂ. બાપજીના સાંનિધ્યમાં આવેલી વ્યક્તિ હોય કે પછી પૂ. બાપજીની વાત હોય તે વખતે તેઓ એટલા ભાવવિભોર થઈ જતા કે ક્યારેક પોતાનું અસ્તિત્વ પણ ભૂલી જતા. પૂ. શ્રી પ્રેમ અવધૂતજી અમારા ઘરે પધાર્યા ત્યારે આ મેં અનુભવ્યું. શ્રી કુલીનભાઈનો સવારના ફોન આવ્યો કે હમણાં પૂ.શ્રી પ્રેમ અવધૂતજી પૂ. દાદાજીને મળવા આવે છે. આ સાંભળતાની સાથે જ પૂ. દાદાજી એકદમ ઊભા થઈ ગયા અને રૂમમાં ગાદલું હતું તેને ધક્કો મારી ખસેડવા લાગ્યા. (જ્યારે કે એમનામાં પુષ્કળ અશક્તિ હતી અને તેમને ટેકો આપીને બાથરૂમ સુધી અમે લઈ જતા હતા).

તે વખતે પૂ. શ્રી પ્રેમઅવધૂતજીને ક્યાં બેસાડીશું ? કેવી રીતે બેસાડીશું ? શું પાથરીએ ?.... એટલા ભાવવિભોર થઈ ગયા કે પોતાને ભૂલી ગયા. સાક્ષાત્ ભગવાનને જોઈ ભક્તની જે હાલત થાય તેવી સ્થિતિમાં અમે તેઓશ્રીને જોયા, તે પળોને પકડવા મેં કેમેરાનો ઉપયોગ કર્યો છે, જે અમારા માટે એક મીઠું સંભારણું છે.

**ભજનો સુંદર રીતે દિલથી ગાતા :**

- ❖ એક દિવસ ભજન ગાવાનો તેઓશ્રીનો મૂડ આવી ગયો હતો. પોતાનું નાનું વાજુ, ભજનની ચોપડી અને ચશ્મા લઈને બેસી ગયા. જેવું ભજન ઉપાડ્યું, તેમનો અવાજ સાંભળી ફ્લેટના આજુબાજુવાળા લોકો અમારા ઘરે આવી ગયા. બે-ત્રણ ભજનો સુંદર રીતે ગાયાં પછી તેઓશ્રીના ગળાએ સાથ ના આપ્યો. (ગાવાની પ્રેક્ટિસ રહી નહોતી માટે).
- ❖ સામેવાળી વ્યક્તિમાં શું સારું છે તે ઝડપથી જોતા અને કહેતા પણ.
- ❖ એમની એક વાત મારા દિલને સ્પર્શી ગઈ તે એ કે તેમને કોઈના માટે કોઈ જ ફરિયાદ નહોતી. ખરાબ કરનારનું પણ તેઓ ખરાબ બોલતા ન હતા કે ફરિયાદ નહોતા કરતા.

**બે-ત્રણ વાતો ટૂંકમાં :**

**તેમની ખુશી :**

- કોઈ પણ વ્યક્તિ જ્યારે નારેશ્વરની, પૂ. બાપજીની વાત કરે ત્યારે સૌથી વધુ ખુશી થતી.
- શ્રી કુલીનભાઈ જ્યારે ભજન ગાતા ત્યારે બહુ જ ખુશ થતા અમે જોયા છે.
- કોઈ વ્યક્તિની પ્રગતિના સમાચાર સાંભળીને પણ ખૂબ ખુશ થતા.
- ભજન તથા શ્લોકના ઉચ્ચાર કરવામાં.
- ધ્યાનમાં લીન થવાથી ખુશ થતા.

**ન ગમતી બાબત :**

- સાંસારિક વાતો પસંદ ન હતી.
- કોઈના વિશે નકારાત્મક વાત કરીએ તે તેમને ક્યારેય ના ગમતું.
- પૂ. બાપજી સિવાયની કોઈ પણ વિષયની ચર્ચા તેમને ના ગમતી.

પૂ. નરહરિદાદા પર જો લખવા બેસીએ તો કાગળોના કાગળો ભરાય. પૂ. નરહરિદાદાને યાદ કરીએ એટલે તેમની સાથે એક વ્યક્તિ યાદ આવી જ જાય. આ એ વ્યક્તિ છે કે જે પડછાયા કરતા પણ વધુ પૂ. નરહરિદાદા સાથે રહી છે. તે છે અમારી પૂ. બા. ‘‘આનંદી બા’’.

સૌથી છેલ્લે દિલથી હું એટલું ચોક્કસ કહીશ, પૂ. દાદાજીએ અમારા ઘરે પધારી, અમને તેમની સેવાનો એક મોકો આપી અમારા કુટુંબના નાના-મોટા દરેક સભ્યનું જીવન ધન્ય કરી દીધું. પૂ. નરહરિદાદાને જાણ્યા પછી પૂ. બાપજીને હું રૂબરૂ નથી મળી શક્યો તેનું દુઃખ મને રહ્યું નથી.